॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ગ્રંથમાળા - ૧૭

# સદ્‌ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીનું જીવન દર્શન




: પ્રસિદ્ધ કર્તા :

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ
વડતાલધામ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૧૭

## "વડતાલધામના પ્રથમ મહંત"

# સદ્‌ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીનું જીવન દર્શન

**શ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદીના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮**
**આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

**: લેખક :**
સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી - સાહિત્ય વિશારદ, વડતાલધામ.

**: પ્રકાશક :**
**મુખ્ય કોઠારીશ્રી**
વડતાલ ટેમ્પલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડ વતી,
મુખ્ય કોઠારીશ્રી ડૉ. શા. સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D. Litt.)
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

**વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા - ૧૭**

**"વડતાલધામના પ્રથમ મહંત"**

**સદ્‌ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીનું જીવન દર્શન**

**પ્રકાશક તથા સર્વ હક્ક :** શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ
મુ.પો. વડતાલ. તા. નડિયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)
Email : vadtaldhamvikas@gmail.com
Website : www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ :** વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ-સં. ૨૦૮૧,
તા. ૭ થી ૧૫ નવેમ્બર -૨૦૨૪.

**લેખક :** સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી - સાહિત્ય વિશારદ, વડતાલધામ

**સંપાદક :** શાસ્ત્રી અમૃતવલ્લભદાસ

**આવૃત્તિ :** પ્રથમ

**પ્રત :** ૧૦૦૦

**મૂળ કિંમત :** ₹ ૬૫/-

**વેચાણ કિંમત :** ₹ ૩૦/-

**સૌજન્ય :** પ.ભ. શ્રી લલ્લુભાઈ જીવરાજભાઈ સાંકડાસરિયાં (ઑસ્ટીન - અમેરિકા)

**પ્રાપ્તિ સ્થાન :** શ્રી હરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર, વડતાલધામ.
ફોન : + ૯૧ ૭૨૦૩૦૯૨૬૨૦

**મુદ્રક :** હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ
મો : ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો : ૯૮૨૫૮ ૫૦૫૫૯
Email : hgppl1008@gmail.com

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी

संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ७९/२०२० 

ता.१२-१०-२०२४

## આશીર્વાદપત્ર

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.


વિશેષ જણાવતાં આનંદ થાય છે કે, વડતાલમાં રહી નિત્ય પ્રાતઃકાળે કથા-વાર્તા રૂપી મહારાજની સેવા કરી રહેલા શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી જીવંત પ્રસારણના માધ્યમે ગામડે ગામડે ભક્તોના ઘરે ઘરે જેમણે મહારાજના અનેક લીલા ચરિત્રોને લોકભોગ્ય ભાષામાં વિવરણ કરી અનેક ભક્તો સુધી પહોંચાડી રહ્યા છે. તદ્‌ઉપરાંત તેઓએ ૨૯ જેટલા પુસ્તકોનું આલેખન કર્યું છે. એમાં પણ સંપ્રદાયની રાજધાની વડતાલધામનાં પ્રથમ મહંત **''સદ્‌ગુરૂ શ્રી અક્ષરાનંદ સ્વામીનું જીવન દર્શન''** સંક્ષેપમાં સ્વામીજીએ જ્યારે આલેખન કર્યુ છે; ત્યારે **શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ** અંતર્ગત વડતાલ મંદિર દ્વારા આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે. જેનો અમો રાજીપો વ્યક્ત કરીએ છીએ.

આ કાર્યમાં તન-મન-ધનથી સેવા કરનાર તમામ સંતો-ભક્તો ઉપર શ્રીહરિનો કૃપા પ્રસાદ કાયમ મળતો રહે તેવી શ્રીહરિના ચરણ કમળમાં અમો પ્રાર્થના કરીએ છીએ. એ જ અભ્યર્થના સહ અમારા અતિ ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

आचार्य महाराज श्री

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवरक्षर धामवासिन् ॥
हारिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिंप्रणमाम्यह त्वाम् ॥

# સમર્પણ



**પુજારી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી - અથાણાવાળા**

જેમણે વડતાલ ગાદીના આચાર્ય મહારાજશ્રી પાસે, શ્રીમંજુકેશાનંદ સ્વામીની પરંપરામાં
સંત દીક્ષા ગ્રહણ કરી. જેમણે  પોતાની જપમાળાના પ્રભાવથી વડતાલ સંસ્થાનું
પોષણ કર્યું છે. જેમણે વર્ષો સુધી નહિ પરંતુ જીવનના છેલ્લા શ્વાસ સુધી
શ્રીઘનશ્યામ મહારાજના પુજારી તરીકે સેવા કરી છે, જેમણે અનેક
સંતો-સત્સંગીઓ આ વડતાલ સંસ્થાને આપ્યા છે,
જેમની સ્મૃતિમાં વડતાલનું મંદિર સુવર્ણથી
મંડિત થયું છે. એવા પરમ પૂજ્ય
પ્રાતઃસ્મરણીય

**''સદ્ગુરૂ પુજારી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી - અથાણાવાળાના''**

કરકમળમાં આ ગ્રંથપુષ્પ અર્પણ કરીએ છીએ...

કોઠારી સાધુ દેવપ્રકાશદાસ
ચેરમેનશ્રી, વડતાલધામ

શાસ્ત્રી સાધુ સંતવલ્લભદાસ
મુખ્ય કોઠારીશ્રી, વડતાલધામ

# પ્રકાશક તરફથી

હે વહાલા સંતો - ભક્તો ! સંસાર સાગરનાં ભયંકર તોફાનમાં, ચઢાવ-ઉતારમાં સારાં પુસ્તકો પ્રકાશ આપવા માટે સહાયતા કરે છે. તેથી ઉત્તમ વિચારો અને શ્રેષ્ઠ ભાવનાઓ જાગૃત થાય છે. આ પ્રકારે સદ્‌ગ્રંથો આત્માના ઉદ્ધાર માટેનું એક માધ્યમ છે.

કોઈપણ ધર્મ હોય કે કોઈપણ સંપ્રદાય હોય, સાહિત્ય અને સદ્‌ગ્રંથો વિના એનું પોષણ થઈ શકતું નથી. સદ્‌ગ્રંથો જ તે સંપ્રદાયની પ્રગતિનું અવિભાજ્ય એક અંગ છે, ચિરકાળ સુધી જે તે સંપ્રદાયની પહેચાન તે સંપ્રદાયના સદ્‌ગ્રંથોથી જ થાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાય પણ સાહિત્યનો ખજાનો છે. નાનાં - મોટાં અનેક સદ્‌ગ્રંથો આ સંપ્રદાયમાં વિદ્યમાન છે. જેમ સમુદ્ર વિશેષ ઘુઘવાટા કરે છે, તેમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ અનેક નાનું - મોટું સાહિત્ય પ્રકાશન થતું જ રહે છે, તેમાં બે પુસ્તકોનો વધારો થતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

વર્તમાન સમયમાં વડતાલ મંદિરનાં ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞા અને આશીર્વાદથી વડતાલ ટેમ્બલ બોર્ડ

કમિટીના ત્યાગી - ગૃહી તમામ સભ્યો દ્વારા આજે જ્યારે સમગ્ર સત્સંગમાં **શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલધામ સં. ૨૦૮૧** નો સોનેરી અવસર આવી રહ્યો છે ત્યારે આ મહામહોત્સવના ઉપક્રમે સાહિત્યની અનેક શ્રૃંખલાઓ પ્રકાશિત થઈ રહી છે. એમાં વડતાલધામના પ્રથમ મહંત **"સદ્ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીનું જીવન દર્શન"** પુસ્તિકા **સત્તર (૧૭) માં પુષ્પરૂપે** પ્રકાશિત કરવાનું નિર્ધાર્યું છે.

આ પુસ્તકના લેખક **સદ્ગુરુ સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજીએ (સાહિત્ય વિશારદ)** નંદ સંતોમાં અગ્રણ્ય એવા **"સદ્ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામીનું જીવન દર્શન"** લેખન કરીને સાહિત્ય - સેવામાં ઉમેરો કરેલ છે. આ બદલ વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ, સર્વે દેવો, પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ સર્વ સંતો-ભક્તો લેખક ઉપર વિશેષ રાજી થાય એ જ અભ્યર્થના સાથે જય શ્રી સ્વામિનારાયણ.

**ચેરમેનશ્રી :**
પ.પૂ.કો. દેવપ્રકાશદાસજી સ્વામી
વડતાલધામ

**મુખ્ય કોઠારીશ્રી :**
પ.પૂ.શા. સંતવલ્લભદાસજી સ્વામી
(Ph.D., D. Litt.)
વડતાલધામ

# લેખક તરફથી નિવેદન

હે વહાલા સંતો-ભક્તો ! જે જે મુમુક્ષુઓ હોય છે, તેમને એક ઈચ્છા હોય છે કે, 'મારા ઈષ્ટદેવ મારા ઉપર રાજી થાય, એમ જ મારે કરવું છે. મારું જીવન મારા પ્રભુની આજ્ઞાનુસાર જ જીવવું છે.'

ઓગણીશમી સદીની શરૂઆતમાં આવી વિચારધારાવાળા અને એ પ્રમાણે જીવન જીવનારા આશરે બે થી ત્રણ હજાર સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે હતા. તેમાં બીજી હરોળના સદ્‌ગુરુ હતા અક્ષરાનંદ સ્વામી.

સદ્‌ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામી વ્યવહાર કુશળ હોવાથી તેમને સ્વામિનારાયણ ભગવાને વડતાલ મંદિરના મહંત બનાવ્યા હતા. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ વડતાલનું મંદિર બંધાવ્યું હતું, પરંતુ તેનું થોડું કામ અધુરું હતું તે અક્ષરાનંદ સ્વામીએ પૂરું કરાવ્યું હતું. એનો વિસ્તાર આ નાનકડા પુસ્તકમાંથી જાણવા મળશે.

આ પુસ્તકમાં અક્ષરાનંદ સ્વામીનું ટુંકમાં જીવન દર્શન લખવામાં આવેલ છે. આ પુસ્તકનું સંપાદન અમારા મંડળના શાસ્ત્રી અમૃત સ્વામીએ કરેલ છે. તેમજ આ પુસ્તકનું સૌજન્ય ઑસ્ટિન-અમેરિકા નિવાસી **પ.ભ.શ્રી લલ્લુભાઈ**

**જીવરાજભાઈ સાંકડાસરિયા**એ સ્વીકારેલ છે. તે બદલ તેઓના સમગ્ર પરિવાર ઉપર વૃત્તાલય વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ, આચાર્ય મહારાજશ્રી તેમજ સર્વે સંતો-ભક્તો રાજી થાય એ જ અભ્યર્થના રાખું છું.

આ નાનકડું પુસ્તક લખવા બદલ મને પણ સર્વેનો રાજીપો મળતો રહે તથા આ પુસ્તકનું સંપાદન અમારા મંડળના **શાસ્ત્રી અમૃતવલ્લભદાસજી**એ કર્યું છે, તે બદલ તેમને પણ સર્વે આશીર્વાદ આપે.

આ પુસ્તક 'શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ' પ્રસંગે પ્રકાશિત કરવા બદલ **પરમ પૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**નો, વડતાલ મંદિરના **ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી**નો તથા વડતાલ મંદિરના **મુખ્ય કોઠારી ડો. શાસ્ત્રી સંતવલ્લભદાસજી સ્વામી**નો હું આભાર વ્યક્ત કરું છું.

**લિ : સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ**

**સંવત્ ૨૦૮૦ જન્માષ્ટમી**

**તા. ૨૬-૮-૨૦૨૪**

# આભારના અધિકારી

આરાધ્ય ઈષ્ટદેવ વૃત્તાલય વિહારી, અનંત મુક્તોના ધ્યેય-ઉપાસ્ય, ભક્તવત્સલ કલ્પતરુ **શ્રી હરિકૃષ્ણ મહારાજ** તથા મહાપ્રતાપી **શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવો**ની અસીમ કૃપાથી તથા **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદથી તથા **સદ્‌ગુરુ મહામુનિવર સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની** પરંપરાના સંત, શાસ્ત્રાભ્યાસી, ભજનાનંદી પ.પૂ. સદ્.શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામીની શુભ પ્રેરણાથી

**અ.નિ. જીવરાજભાઈ માધાભાઈ સાંકડાસરિયા** તથા

**અ.નિ. નંદુબેન જીવરાજભાઈ સાંકડાસરિયાની** પુણ્ય સ્મૃતિમાં

**સુપુત્ર : લલ્લુભાઈ જીવરાજભાઈ સાંકડાસરિયા**

**ધર્મપત્ની : કમળાબેન લલ્લુભાઈ સાંકડાસરિયા**

**સુપૌત્ર : નૈનેશ લલ્લુભાઈ સાંકડાસરિયા**

**સુપૌત્ર વધુ : શિલ્પાબેન નૈનેશભાઈ સાંકડાસરિયા**

**પ્રપૌત્ર : જય તથા પ્રપૌત્રી : જાનવી પટેલ**

**ગામ : ઓસ્ટીન-અમેરીકા**

તરફથી આ ગ્રંથ પ્રકાશનમાં આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. તો આ સમગ્ર પરિવાર પર શ્રીહરિજી મહારાજ તથા સંતો-હરિભક્તોની કૃપાદ્રષ્ટિ કાયમ રહે એવી પ્રાર્થના સાથે હાર્દિક અભિનંદન.

**લી. સ્વામી શુકદેવપ્રસાદદાસ તથા**

**સ્વામી શ્યામવલ્લભદાસ**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧. | વડતાલધામના પ્રથમ મહંત સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીનું જન્મ-સ્થળ | ૧૫ |
| ૦૨. | પ્રગટ પ્રભુ ગંગાજળા ગામમાં | ૧૬ |
| ૦૩. | રૂપારેલ નદીમાં સ્નાન કરવા | ૧૭ |
| ૦૪. | મગરનો ઉદ્ધાર કર્યો | ૧૮ |
| ૦૫. | મગરને શાપમાંથી મુક્ત કર્યો ! | ૨૦ |
| ૦૬. | રણમલજી સત્સંગી થયા | ૨૨ |
| ૦૭. | પ્રગટ પ્રભુ ફરી મોડા ગામમાં પધાર્યા | ૨૪ |
| ૦૮. | રૂપારેલ નદીમાં પ્રાણાયામ | ૨૬ |
| ૦૯. | પાલીબેનના પેંડા જમ્યા | ૨૮ |
| ૧૦. | ઉપાસક અને ઉપાસનાની શુદ્ધિ | ૩૦ |
| ૧૧. | અક્ષરધામ કેટલું દૂર છે ? | ૩૨ |
| ૧૨. | રણમલજીને ત્યાગી થવાની તમન્ના | ૩૪ |
| ૧૩. | રણમલજી અને પુંજાજી ગઢડા આવ્યા | ૩૬ |
| ૧૪. | રણમલજીને અક્ષરધામનાં દર્શન | ૩૮ |
| ૧૫. | પુંજાજીને કારભારી બનાવ્યા | ૪૦ |

| | | |
|---|---|---|
| ૧૬. | કાશીદાસભાઈને ત્યાં કામ કરવા | ૪૨ |
| ૧૭. | સેવા જોઈ કાશીદાસભાઈ આશ્ચર્ય પામ્યા | ૪૪ |
| ૧૮. | રણમલજી ભક્તના ગુણોની પ્રશંસા | ૪૬ |
| ૧૯. | રણમલજીમાંથી - અક્ષરાનંદ સ્વામી | ૪૮ |
| ૨૦. | અક્ષરાનંદ સ્વામીને મંડળધારી કર્યા ! | ૫૦ |
| ૨૧. | વડતાલધામમાં મંદિરનું ખાતપૂજન | ૫૨ |
| ૨૨. | મંદિરનું કામ બ્રહ્માનંદ સ્વામીને | ૫૪ |
| ૨૩. | અક્ષરાનંદ સ્વામીને પણ કામ સોંપ્યું | ૫૬ |
| ૨૪. | અક્ષરાનંદ સ્વામીએ વિનંતી કરી | ૫૮ |
| ૨૫. | બ્રહ્માનંદ સ્વામીને સાથે લીધા | ૫૯ |
| ૨૬. | અક્ષરાનંદ સ્વામીને મંદિરનું કામ સોંપ્યું | ૬૦ |
| ૨૭. | અદ્‌ભૂતાનંદ સ્વામી મંડળ લઈ વડતાલમાં | ૬૨ |
| ૨૮. | શ્રી હરિ ૩૭ ઈંટો લાવ્યા ! | ૬૪ |
| ૨૯. | પ્રભુ પૂતળાં જોવાં પધાર્યા | ૬૫ |
| ૩૦. | પ્રગટ પ્રભુએ પૂતળાંઓમાં પ્રાણ પૂર્યા ! | ૬૭ |
| ૩૧. | શ્રીહરિએ મૂર્તિઓ બતાવી | ૬૯ |
| ૩૨. | બે સદ્‌ગુરુઓ વડોદરા પધાર્યા | ૭૧ |

| | | |
|---|---|---|
| ૩૩. | અક્ષરાનંદ સ્વામીને ભલામણ | ૭૩ |
| ૩૪. | અક્ષરાનંદ સ્વામીએ પ્રભુને પત્ર લખ્યો | ૭૫ |
| ૩૫. | શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામીને પત્ર લખ્યો | ૭૭ |
| ૩૬. | વડતાલમાં પ્રતિષ્ઠાની તૈયારી | ૭૯ |
| ૩૭. | શ્રીહરિ વડતાલ પ્રતિષ્ઠા કરવા પધાર્યા | ૮૦ |
| ૩૮. | નારાયણનાં આયુધો સવળાં થયાં ! | ૮૨ |
| ૩૯. | અઢાર મૂર્તિઓની એક સાથે પ્રતિષ્ઠા | ૮૪ |
| ૪૦. | એક સાથે અગ્યાર રૂપો ધારણ કર્યાં ! | ૮૬ |
| ૪૧. | અક્ષરાનંદ સ્વામીને મહંત બનાવ્યા | ૮૮ |
| ૪૨. | અક્ષરાનંદ સ્વામીને ભલામણ | ૮૯ |
| ૪૩. | ધારુ તળાવ ઊંડું કરાવ્યું - મોટું કરાવ્યું | ૯૧ |
| ૪૪. | શ્રીહરિએ ધારુ તળાવ વધારે ઊંડું કરાવ્યું | ૯૩ |
| ૪૫. | રણછોડરાય સાથે ગોમતીજી વડતાલમાં | ૯૫ |
| ૪૬. | ધારુ તળાવમાં ગોમતીજી પ્રગટ થયાં | ૯૭ |
| ૪૭. | શ્રીહરિએ ગોમતી સરોવર નામ પાડ્યું | ૯૯ |
| ૪૮. | ગોમતીજીનો તથા છાપોનો મહિમા | ૧૦૧ |
| ૪૯. | સ્ત્રીઓ અને પુરુષોને છાપો લેવાની આજ્ઞા | ૧૦૩ |

| | | |
|---|---|---|
| ૫૦. | વડતાલધામમાં જ છાપો લેવાની આજ્ઞા | ૧૦૫ |
| ૫૧. | રણછોડરાયની મૂર્તિ લાવ્યા | ૧૦૭ |
| ૫૨. | રણછોડરાયની પ્રતિષ્ઠા | ૧૦૮ |
| ૫૩. | આચાર્યશ્રીને સિગરામની ના પાડી ! | ૧૧૦ |
| ૫૪. | મહંતને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા ! | ૧૧૨ |
| ૫૫. | અક્ષરાનંદ સ્વામીએ માફી માગી ! | ૧૧૪ |
| ૫૬. | અક્ષરાનંદ સ્વામીને સૌનો રાજીપો મળ્યો | ૧૧૬ |
| ૫૭. | અક્ષરાનંદ સ્વામીનો પ્રશ્ન | ૧૧૭ |
| ૫૮. | અક્ષરાનંદ સ્વામીનો બીજો પ્રશ્ન | ૧૧૯ |
| ૫૯. | અક્ષરાનંદ સ્વામીનો ત્રીજો પ્રશ્ન | ૧૨૦ |
| ૬૦. | છાવણીમાં સેવા | ૧૨૧ |
| ૬૧. | અક્ષરાનંદ સ્વામી ધામમાં પધાર્યા | ૧૨૩ |

# ૧ વડતાલધામના પ્રથમ મહંત સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીનું જન્મ-સ્થળ

હે વહાલા સંતો-ભક્તો ! હાલાર પંથકમાં અર્થાત્ જામનગર જિલ્લામાં મોડા નામનું નાનકડું ગામ આવેલ છે. આ ગામમાં અનેક મુક્તો અને મુમુક્ષુઓના જન્મ થયેલા છે. તેમાં પણ બે મુક્તો પ્રગટ થયા હતા એ આપણા સંપ્રદાયના આગેવાન સંતો સદ્‌ગુરુ શ્રી સચ્ચિદાનંદ સ્વામી અને બીજા સદ્‌ગુરુ મહંત શ્રી અક્ષરાનંદ સ્વામી.

આ બંને સંતો પૂર્વાશ્રમના મામા-ભાણેજ હતા. બંનેનો જન્મ મોડા ગામમાં થયો હતો. બંને એકાંતિક ભક્તો હતા. તેમાં સચ્ચિદાનંદ સ્વામીના જીવન-પ્રસંગો મેં અગાઉ લખ્યા છે અને હવે હું અક્ષરાનંદ સ્વામીના પ્રસંગો લખું છું.

જામનગર જિલ્લામાં આવેલ મોડા ગામ ‘અલૈયા-મોડા’ તરીકે ઓળખાય છે. મોડા ગામના પાદરમાં રૂપારેલ નદી છે. નદીના બીજા કાંઠા ઉપર ગંગાજળા ગામ આવેલ છે. આ બંને ગામમાં સારો સત્સંગ હતો અને હાલમાં પણ છે.

મોડા ગામમાં દુદાળી ફળીમાં (શેરીમાં) ક્ષત્રિય કુળમાં જાડેજા પરિવારમાં એક મુક્ત પુરુષે જન્મ ધારણ કર્યો. એ જ આપણા વડતાલધામના પ્રથમ મહંત સદ્‌ગુરુ શ્રી અક્ષરાનંદ સ્વામી.

# ૨ પ્રગટ પ્રભુ ગંગાજળા ગામમાં

હે વહાલા સંતો-ભક્તો ! અક્ષરાનંદ સ્વામીનું નામ 'રણમલજી જાડેજા' હતું. તેમના પૂર્વના બલિષ્ઠ સંસ્કારને કારણે બાળપણથી જ તેમને ભજન-ભક્તિ તેમજ ધર્મ-નિયમનું પાલન કરવું ગમતું હતું.

બાળ મુમુક્ષુ રણમલજી યુવાન થયા ત્યારે એક વાર ગામના લોકોની સાથે પાદરમાં વહેતી રૂપારેલ નદીમાં સ્નાન કરવા આવ્યા હતા. બરાબર એ જ સમયે નદીના સામે કિનારાના ગંગાજળા ગામથી જલા ભગત પ્રગટ પ્રભુને લઈને ત્યાં સ્નાન કરવા આવ્યા હતા. આ જલા ભક્ત રામાનંદ સ્વામીના કૃપાપાત્ર એવાં પાલીબાઈના સુપુત્ર હતા. રામાનંદ સ્વામીના વરદાન આપ્યાં પ્રમાણે પ્રગટ પ્રભુ શ્રીજી મહારાજ પાલીબાઈનાં ઘરે પધાર્યા હતા. ત્યાં તેમના હાથથી બનાવેલ થાળ જમીને પ્રભુ જલા ભક્ત સાથે રૂપારેલ નદીએ સ્નાન કરવા પધાર્યા હતા.

તે નદીના કિનારે કરમદીનું મોટું વૃક્ષ હતું. તેના કારણે ત્યાંના પાણીના ઊંડાં ધરાનું નામ પણ સૌ લોકોએ 'કરમદીનો ધુનો' પાડ્યું હતું. પ્રગટ પ્રભુ તો અંતર્યામી હોવાથી મોડા ગામના લોકો સ્નાન કરવા આવ્યા હતા. તેની સાથે રણમલજી જાડેજા પણ આવ્યા હોવાથી તેમને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવો હતો.

# 3 રૂપારેલ નદીમાં સ્નાન કરવા

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજ 'કરમદીના ઘુના'માં સ્નાન કરવા માટે ત્યાં રહેલ કરમદીનાં ઝાડ નીચે ઊભા રહી પોતાનાં વસ્ત્રો ઉતારવાં લાગ્યાં.

આવું દૃશ્ય જોઈને ગંગાજળા ગામથી સાથે આવેલા પાલીબાઈના પુત્ર જલાભગત વિનંતી સાથે કહેવા લાગ્યા : 'હે પ્રગટ પ્રભુ ! આ ઘુનામાં (ઊંડા ધરામાં) તો મોટો મગરમચ્છ રહે છે, ઘણા લોકોને તે ખેંચી લઈ જઈને ખાઈ ગયેલ છે, માટે આપશ્રી આ ધરામાં નહાવા માટે જશો નહિ.'

ભાવિલા જલા ભક્તનો ભાવ જાણી - મહિમા જાણી શ્રીહરિ મનોમન બહુ રાજી થયા અને મધુર વાણી બોલતા થકા કહેવા લાગ્યા : "મારા વ્હાલા જલા ભક્ત ! જરાય મુંઝાશો નહિ, અમો કાળના પણ કાળ છીએ, તેથી મગર મારું કાંઈ બગાડી શકે તેમ નથી, છતાં પણ અમારે એ મગરનો ઉદ્ધાર કરવાનો હોવાથી અમો આ કરમદીના ઘુનામાં જ સ્નાન કરીશું. આ પ્રમાણે કરવાથી મગરનો ઉદ્ધાર થશે અને ગંગાજળા ગામ તથા મોડા ગામના નરનારીઓ આબાલ-વૃદ્ધ સર્વે ભયમુક્ત થઈ આ ઘૂનામાં સૂખપૂર્વક સ્નાન કરી રાજી થશે."

# ૪ મગરનો ઉદ્ધાર કર્યો

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ જલા ભક્તને સમજાવીને કરમદીનાં ઝાડ ઉપર ચઢીને પાણીના ઊંડાં ધરામાં ધૂબકો માર્યો ! આવું નજરો-નજર જોનારા જલા ભક્ત, રણમલજી બાપુ, ગંગાજળા ગામનાં તેમજ મોડા ગામના લોકોનાં અંતરમાં ભય ઉત્પન્ન થયો, તેથી તેઓ પરસ્પર કહેવા લાગ્યા : “અરે ! અરે ! શ્રીજી મહારાજને ઘૂનામાં રહેતો મગર હમણા પકડી લઈને ખાઈ જશે !”

હે ભક્તો ! રૂપારેલ નદીના બંને કિનારે ઊભા રહીને ભય સહિત વાતો કરતાં લોકોની નજર પાણી તરફ મંડાયેલી હતી, ત્યાં તો ભયમાંથી નિર્ભય થવાય એવું અલૌકિક દશ્ય સહુને જોવામાં આવ્યું ! પ્રગટ પ્રભુ પાણીમાંથી બહાર આવ્યા ! જે રીતે હિરણ્યાક્ષ દૈત્યને મારીને વરાહ નારાયણ મહાસાગરના જળમાંથી બહાર નીકળ્યા હતા, એ જ રીતે શ્રીહરિ જળમાંથી બહાર નીકળ્યા ! એવું જોઈ સૌ કોઈ જોનારા જયજયકાર કરવા લાગ્યા.

ત્યાં તો બીજું એક અલૌકિક દૃશ્ય સૌની નજરે દેખાયું. શ્રીહરિની પાછળ-પાછળ દિવ્ય કાંતિવાળો દેવ જેવો એક પુરુષ પણ પાણીમાંથી બહાર નીકળી પ્રગટ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો ! એ સમયે જ શ્રીહરિની ઈચ્છાથી આકાશમાંથી એક દિવ્ય વિમાન આવ્યું. એટલે પેલો દિવ્ય પુરુષ શ્રીહરિને પ્રણામ કરી વિમાનમાં બેસી અદૃશ્ય થઈ ગયો !




## ૫ મગરને શાપમાંથી મુક્ત કર્યો !

હે વહાલા સંતો-ભક્તો ! દિવ્ય દેહધારી અંતરીક્ષ તરફ અદશ્ય થયો, ત્યારબાદ ત્યાં એકઠા થયેલા લોકોની દૃષ્ટિ પાણી ઉપર ગઈ, ત્યાં તો તે ઘૂનામાં મરણને શરણ થયેલો મગરનો મૃતદેહ પાણી ઉપર તરતો જોવામાં આવ્યો ! આવું અદ્‌ભૂત આશ્ચર્ય જોઈને સૌને નવાઇ લાગી, તેથી સૌનાવતી જલાભક્તે પ્રણામ કરી શ્રીહરિને સવાલ કર્યો.

જલાભક્તે પ્રશ્ન પૂછ્યો : ‘‘હે પ્રગટ પ્રભુ ! પેલો દિવ્ય પુરુષ પાણીમાંથી નીકળી વિમાનમાં બેસીને આકાશમાં અદશ્ય થઈ ગયો તે કોણ હતો ? તથા આ મગર પણ વગર માર્યે કેવી રીતે મૃત્યુ પામ્યો ? આ બંને પ્રશ્નોના જવાબ કૃપા કરીને આપ આપો; કારણ કે અમોને કાંઈ સમજાતું નથી.’’

હે ભક્તો ! પોતાના ભોળા ભક્તનો સવાલ સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા : ‘‘હે જલા ભક્ત ! તેમજ બંને ગામના લોકો સાંભળો. તમારા પ્રશ્નનો જવાબ અમે આપીએ છીએ. જે તેજસ્વી પુરુષ આ પાણીના ઊંડા ઘૂનામાંથી બહાર

નીકળ્યો એ સ્વયં મગરનો જીવ હતો ! આ મરેલો મગર પૂર્વે ઘણાં વર્ષો પહેલાં ગાંધર્વ હતો, પરંતુ એક ઋષિનો અપરાધ કરવાથી તે ઋષિએ ગંધર્વને મગર બનવાનો શાપ (શ્રાપ) આપ્યો હતો. તેના કારણે તે મગર બન્યો હતો. એટલા માટે જ અમો એનો ઉદ્ધાર કરવા આ ઊંડાં પાણીના ધૂનામાં પડ્યા હતા અને આજે એને શાપમાંથી મુક્ત કરી ગંધર્વ લોકમાં મોકલી આપ્યો છે.''



# ૬ રણમલજી સત્સંગી થયા

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિએ જલા ભક્ત આગળ મગરના પૂર્વ જન્મની વાત કરી તે સાંભળીને તેમજ નજરો-નજર દિવ્યરૂપધારી ગંધર્વને જોઈને રણમલજીભાઈને મનુષ્યદેહધારી શ્રીહરિના સ્વરૂપમાં ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો ! તેથી તેઓ શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરવા લાગ્યા : “હે પ્રગટ પ્રભુ ! મને વર્તમાન ધરાવી આપના શરણે લઈ આપનો આશ્રિત બનાવો.”

રણમલજીભાઈની વિનંતી સાંભળી મહાપ્રભુ શ્રીહરિ મંદમંદ હસીને કહેવા લાગ્યા : “અમો આ પૃથ્વી ઉપર તમારા જેવા મુમુક્ષુઓને શરણે લેવા અને તેઓને અમારા સ્વરૂપનો નિશ્ચય કરાવી અંતે અક્ષરધામમાં લઈ જવા માટે જ તો પધાર્યા છીએ.” આ પ્રમાણે કહીને વર્તમાન ધરાવી શ્રીહરિએ સ્વયં રણમલજીભાઈને કંઠી પહેરાવી શરણે લીધા.

હે ભક્તો ! ત્યારબાદ તેમણે શ્રીહરિને પ્રાર્થના કરતા કહ્યું : “હે મહારાજ !

હવે તો હું આપનો સત્સંગી થયો છું. એટલે આપશ્રીએ સંતોને લઈ મારા ઘર પવિત્ર કરવા પધરામણીએ આવવું જોઈએ, માટે મારા ઉપર કૃપા કરી મારા ઘેર પધારો.''

રણમલજીભાઈનો ભાવ જોઈ શ્રીહરિ સંતોને લઈ તેમનાં દરબારગઢમાં પધાર્યા. પછી કથા-વાર્તાનો લાભ આપી સત્સંગની દૃઢતા રાખવાનું કહી હાલાર પંથકનાં ગામડાંઓમાં વિચરણ કરવા લાગ્યા.



# ૭ પ્રગટ પ્રભુ ફરી મોડા ગામમાં પધાર્યા

હે વહાલા સંતો-ભક્તો ! સારું બીજ હોય, સારું ખાતર હોય, સારી ભૂમિ હોય અને એમાં પાણી નાખવામાં આવે એટલે બીજમાંથી અંકુર નીકળે અને અંતે તે મોટાં ઝાડમાં ઉપાંતર થાય છે - એ જ રીતે રણમલજી પોતે પૂર્વના મુક્ત હતા અને એમાં તેમને પ્રગટ પ્રભુનો યોગ થયો. તેમજ સદ્‌ગુણી સંતોનો સમાગમ મળ્યો, તેના કારણે એનાં અંતરમાં રહેલા સદ્‌ગુણો બહાર આવ્યા, તેથી તેઓ સત્સંગના રંગે રંગાઈ ગયા અને એકાંતિક ભક્ત બની ગયાં.

સમય જતાં મહાપ્રભુ શ્રીહરિ સત્સંગીઓનાં ગામડાંઓમાં દર્શન આપતાં આપતાં ફરી એકવાર મોડા ગામ પધાર્યા. આ સમાચાર સાંભળતા જ મહાન ભક્ત રણમલજીભાઈનાં અંતરમાં આનંદનો પાર ન રહ્યો ! તેઓ હરખભેર ઉતાવળા ચાલતા-ચાલતા ગામની ભાગોળે પહોંચી ગયા અને આખા ગામમાં શ્રીહરિની શોભાયાત્રા કાઢી, ઢોલ-નગારા વગેરે વાજિંત્રો વગડાવી પોતાના પ્રાણપ્યારા પ્રગટ પ્રભુને પોતાના ઘેર લઈ જઈ નિવાસ કરાવ્યો.

પોતાને ઘેર સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ સ્વયં પધાર્યા. એની ખુશાલીમાં રણમલજીની બંને આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેવા લાગી, તેના કારણે જળ વિના જ પ્રભુનાં ચરણારવિંદનો અભિષેક થઈ ગયો ! આવું દૃશ્ય જોઈને મોડા ગામના લોકો આશ્ચર્ય પામી ગયા !



# ૮ રૂપારેલ નદીમાં પ્રાણાયામ

હે વહાલા સંતો-ભક્તો ! મોડા ગામમાં રહીને શ્રીહરિજી મહારાજ વાણી દ્વારા કથા-વાર્તાનું સુખ આપવા લાગ્યા, તેમજ દર્શનનું સુખ આપી મુમુક્ષુઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી આત્યંતિક કલ્યાણના અધ્યાત્મ માર્ગમાં આગળ વધારવા લાગ્યા.

એક દિવસ પ્રગટ પ્રભુ શ્રીહરિ સંતો-ભક્તો સાથે વાજિંત્રોના નાદ સાથે સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરાવતા-કરાવતા ગામની બહાર આવેલ રૂપારેલ નદીએ પધાર્યા.

તે નદીમાં એક કુંડી હતી અને તે પાણીથી ભરેલ હતી, એટલે મહાપ્રભુ કુંડમાં બેસી પ્રાણાયામ કરવા લાગ્યા. અંતે લાંબા પ્રાણાયામ કરી શ્વાસ રોકી પાણીની અંદર બેસી ધ્યાનમગ્ન થઈ સ્વસ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા ! પ્રભુનું એ પ્રસાદીનું જળ કુંડમાંથી બહાર નીકળી વહેતી નદીના જળમાં ભળી આગળ વહી રહ્યું હતું, તેથી તે પ્રસાદીના જળથી આગળના ભાગે હરિભક્તો સ્નાન

કરવા લાગ્યા અને પોતાના મસ્તક ઉપર ચઢાવવા લાગ્યા.

હે ભક્તો ! બ્રહ્માદિક મોટા મોટા દેવતાઓને પણ જેમનાં દર્શન દુર્લભ છે, એવા અક્ષરધામાધિપતિ સ્વયં સામાન્ય મનુષ્ય દેહ ધારણ કરી પોતાના આત્મીય ભક્તોને દર્શન-સ્પર્શ તેમજ પ્રસાદીના જળનો અલભ્ય લાભ આપી મોક્ષના અધિકારી બનાવવા લાગ્યા !



# ૯

હે વહાલા સંતો-ભક્તો ! ઘણા સમય સુધી કુંડમાં બેસી સમાધિ-અવસ્થામાં રહીને પ્રગટ પ્રભુ કુંડમાંથી બહાર આવ્યા અને નદીનાં વહેતાં જળમાં જળક્રીડા કરી સંતો-ભક્તો ઉપર પોતાના હાથનું પ્રસાદીનું જળ નાખી તેમનાં અંતરનાં મેલ કાપી નાખ્યા ! ત્યાર પછી પાણી બહાર નીકળી વસ્ત્રો ધારણ કરી વાજતે-ગાજતે રણમલજીને ઘેર પધાર્યા.

એ સમયે પ્રેમીભક્ત પાલીબેન પેંડાનો થાળ ભરીને લાવ્યા અને તે થાળ પ્રગટ પ્રભુ શ્રીહરિ આગળ મૂક્યો. પછી પંચાંગ પ્રણામ કરી વિનંતી કરતા કહ્યું : "હે મહારાજ ! આપના માટે જ હું મારા હાથે આ પેંડા બનાવીને લાવી છું, માટે કૃપા કરી જમો."

હે ભક્તો ! ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ પાલીબેનનો ભાવ જોઈ પેંડા જમવા લાગ્યા. પછી પાલીબાઈ વગેરેને પેંડાનો પ્રસાદ આપ્યો. એ સમયે મૂળજી બ્રહ્મચારી આવ્યા અને કહેવા લાગ્યા : "હે મહારાજ ! થાળ તૈયાર

થઈ ગયો છે, માટે જમવા પધારો.'' પછી પ્રભુ જમવા પધાર્યા. બ્રહ્મચારીએ સ્વચ્છ જળથી મહારાજને હાથ ધોવડાવ્યા અને થાળ પીરસવા લાગ્યા.

પ્રગટ પ્રભુ શ્રીહરિ સૌનો ભાવ જોઈ ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય અને ચોષ્ય આ ચાર પ્રકારનાં ભોજન જમી ચળું કરી રણમલજી બાપુને થાળની પ્રસાદી આપી રાજીપો આપી પલંગે બિરાજ્યા. ત્યારબાદ થોડીવાર પોઢીને કરમદીયા ધૂનામાં સ્નાન કરવા સંતો-ભક્તો સાથે પધાર્યા.



# ૧૦ ઉપાસક અને ઉપાસનાની શુદ્ધિ

હે વહાલા સંતો-ભક્તો ! રૂપારેલ નદીમાં ઊંડા પાણીના ધરામાં જળક્રીડા કર્યા બાદ શ્રીહરિ બહાર નીકળ્યા અને વસ્ત્રો બદલાવી મેઘરાયજીના ખેતરમાં જઈ આંબાવાડીયામાં સભા કરીને વિરાજમાન થઈ કથા-વાર્તા કરવા લાગ્યા.

કથા પૂર્ણ થયા બાદ શ્રીહરિ કહેવા લાગ્યા : “હે સંતો-ભક્તો ! અમને પ્રશ્ન પૂછો.” : ત્યારે ભક્ત નાજા જોગીયાએ પ્રશ્ન પૂછ્યો : “હે મહારાજ ! ઉપાસકની શુદ્ધિ શું સમજવી ?” ત્યારે મંદમંદ હસતા થકા શ્રીજીમહારાજે કહ્યું : “ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા, બ્રહ્મચર્ય અને અહિંસા એટલાં સાધન પાકા થાય ત્યારે ઉપાસકની શુદ્ધિ થાય છે.”

અને ઉપાસનાની શુદ્ધિ તો એમ સમજવી જે, આ બ્રહ્માંડમાં ભગવાનની દસ મૂર્તિઓ છે, તેમાં ચાર મૂર્તિ નિર્ગુણ છે અને છ મૂર્તિ સગુણ છે; અને તેથી પર અક્ષરાતીત એવા પુરુષોત્તમ નારાયણ છે તેને ભજને કરીને એ દસ મૂર્તિઓ મોટપને પામેલ છે અને એ પુરુષોત્તમ નારાયણ જેવા તો અક્ષર પર્યંત

કોઈ નથી, એવા તો એ એક જ છે; એમ સમજીને ઉપાસના કરે તે ઉપાસનાની શુદ્ધિ કહેવાય. તે સાંભળીને સભામાં બેઠેલા સૌ સંતો-ભક્તો રાજી થયા.

હે ભક્તો ! આ પ્રશ્નોત્તરને માધ્યમ બનાવીને શ્રીહરિએ સૌ કોઈ સંતો-ભક્તોને કહ્યું : "હે મારા આશ્રિતો ! તમો પણ સર્વે ત્યાગી-ગૃહી ઉત્તમ ઉપાસક બનજો, તેમજ ઉત્તમ ઉપાસના સિદ્ધ કરી પોતાના જીવનું આત્યંતિક કલ્યાણ કરી લેજો."



## ૧૧ અક્ષરધામ કેટલું દૂર છે ?

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિ મોડા ગામથી રણમલજીને સાથે લઈ હાલાર પંથકનાં ગામડાંઓમાં પોતાના આશ્રિતોને દર્શન દેતાં દેતાં ધુતારપુરથી કાલાવડ જતા રસ્તામાં એક ધર્મશાળા આવી તેમાં ઉતારો કર્યો.

વિસામો કર્યા પછી શ્રીહરિએ રણમલજીને કહ્યું : “હે રણમલજી ભક્ત ! આ પંથક તમારો જાણીતો છે, માટે તમે અમારી સાથે આવેલા સૌને જમાડવાની વ્યવસ્થા કરો.”

મહાપ્રભુ શ્રીહરિની આજ્ઞા થતાં જ રણમલજી ભક્તે સાથે આવેલા બધા માટે રોટલી અને ખીરની વ્યવસ્થા કરાવીને સૌને જમાડી પ્રગટ પ્રભુ અને સંતો-ભક્તોનો રાજીપો મેળવ્યો.

હે ભક્તો ! એ સમયે શ્રીહરિ સાથે રત્ના ભક્ત હતા તેમને સમાધિ થઈ. તે જોઈને મોડાના રણમલજીએ શ્રીહરિને પૂછ્યું : “હે પ્રગટ પ્રભુ ! તમે જેમને સમાધિ કરાવો છો તે ભક્તો ભગવાનના ધામમાં જાય છે અને

પાછા બોલાવો છો એટલે તરત જ સમાધિમાંથી પાછા આવે છે, તે ભગવાનનું ધામ અહીંથી કેટલું દૂર છે ? તે મને કૃપા કરી સમજાવો.''

રણમલજી ભક્તની જિજ્ઞાસા સાંભળી મહાપ્રભુ શ્રીહરિ કહેવા લાગ્યા : ''હે ભક્તરાજ ! પૃથ્વી-જળ-તેજ-વાયુ-આકાશ-અહંકાર-મહત્તત્વ અને પ્રકૃતિ આ આઠ આવરણથી પાર અમારું ધામ છે. ત્યાં કોઈથી પહોંચી શકાય તેમ નથી, એટલું બધું દૂર છે, પરંતુ ભગવાનની કૃપા થાય તો તે ધામમાં જતા વાર લાગતી નથી.''

''પણ પ્રભુને પ્રતાપે તેહ, પળમાંહી આવે જાય તેહ;
એવું ધામ અગમ અપાર, પ્રભુ પ્રતાપે કાંઈ નહિ વાર.''



# ૧૨ રણમલજીને ત્યાગી થવાની તમન્ના


હે વહાલા સંતો-ભક્તો ! ઘણા દિવસો સુધી શ્રીહરિ સાથે રહીને ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને મહિમા સહિત ભક્તિની દૃઢતા કરી રણમલજી એકાંતિક ભક્તરાજ બની ગયા ! તેમના અંતરમાં દિનપ્રતિદિન સત્સંગનો મહિમા અને ખુમારી વધતા ગયા. સંસારમાંથી મન ઉદાસ થવા લાગ્યું અને ભજન-ભક્તિમાં રહેલા લાગ્યું ! તેના કારણે રણમલજીને પ્રગટ પ્રભુની સેવામાં કાયમ રહેવાની તમન્ના થવા લાગી.

દોડવું હતું અને ઢાળ મળ્યો, ભાવતું હતું અને વૈદે બતાવ્યું - એ જ રીતે ત્યાગી થવાની ઈચ્છા હતી અને સંતોનો સમાગમ મળ્યો ! બન્યું એવું કે શ્રીહરિ હાલાર પ્રદેશનાં ગામોમાં વિચરણ કરીને ગઢપુર પધાર્યા અને રણમલજી મોડા ગામ આવ્યા.

હે ભક્તો ! થોડા દિવસ વીત્યા બાદ ગઢપુરથી સંતો સત્સંગમાં વિચરણ કરતા કરતા મોડા ગામ પધાર્યા. તેથી ભક્તરાજ રણમલજીના અંતરમાં આનંદ

છવાઈ ગયો. પછી તેઓ સંતની સેવામાં જ રોકાઈ ગયા. ગામમાં મોટા માણસ તેમજ ક્ષત્રિય જ્ઞાતિના હોવા છતાં સંતોનો મહિમા સમજી નિર્માની થઈ સમાગમ કરવા લાગ્યા.

જેમ દીવામાં દીવેલ પુરવાથી દીવો વધારે પ્રજ્વલ્લિત થાય છે - તેમ સદ્‌ગુણી સંતોની વાતો સાંભળીને રણમલજીભાઈની ત્યાગ-વૈરાગ્યરૂપી જ્યોત વધારે પ્રજ્વલ્લિત થઈ; તેથી તેમણે મનોમન ત્યાગી થવાની દૃઢ ગાંઠ વાળી લીધી.



# ૧૩ રણમલજી અને પુંજાજી ગઢડા આવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! ઘણા દિવસો મોડા ગામમાં સંતોનો સમાગમ કર્યા બાદ એક દિવસ રણમલજીએ સંતો આગળ વાત કરી : ‘‘હે સંતો ! હવે મને સંસાર અસાર લાગે છે. મારે પણ તમારી જેમ ત્યાગી બનીને શ્રીજી મહારાજને રાજી કરવા છે.’’

રણમલજી ભક્તની વાત સાંભળી સંતો રાજી થઈને કહેવા લાગ્યા : ‘‘ઉત્તમ મુમુક્ષુઓને જે ઈચ્છા થાય છે અને થવી જોઈએ, એ ઈચ્છાઓ તમારા અંતઃકરણમાં થાય છે, માટે તમે ભાગ્યશાળી છો. અમે હમણાં થોડા દિવસો રોકાઈને ગઢડા જવાના છીએ, ત્યારે તમો અમારી સાથે આવજો અને શ્રીહરિ જેમ કહે તેમ કરજો.’’

હે ભક્તો ! સંતોની વાત સાંભળતાં જ ત્યાં બેઠેલા પૂંજાજી એકદમ ઊભા થઈને બોલ્યા : ‘‘સંતો ! મારે પણ તમારી સાથે ગઢપુર આવવું છે અને પ્રગટ પ્રભુ શ્રીહરિની સેવામાં રહેવું છે, માટે મને પણ ગઢડા લઈ જજો.’’

બંને મુમુક્ષુ ભાઈઓની વાત સાંભળી સંતોએ હા કહી અને બંને ભાઈઓને સાથે લઈ ગઢપુર આવી દંડવત્ પ્રણામ કરી શ્રીહરિને સર્વે બીના કહી સંભળાવી. તેથી શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા. ત્યારબાદ એભલ ખાચરને કહેવા લાગ્યા : “હે અભયરાજા ! આ અમારા પરમહંસો તો એવા છે કે રાજા-રજવાડાઓના રાજકુમારોને પણ ઉપદેશ આપી સાધુ કરે છે.”



# ૧૪ રણમલજીને અક્ષરધામનાં દર્શન

હે વહાલા સંતો-ભક્તો ! રણમલજી તથા પુંજાજી મોડા ગામના ગામધણીના દીકરાઓ હોવાથી શ્રીહરિએ તેમને રાજકુમારો તરીકે ઓળખાણ આપી. ત્યારપછી શ્રીહરિ કહેવા લાગ્યા : "આ મોટા રણમલજી છે, તે તો આકાશની જેમ નિર્લેપ છે અને સત્સંગના કામમાં ઘણા ઉપયોગી છે, તેથી યોગ્ય સમયે તેમને અમે સંતની દીક્ષા આપીશું."

આ પ્રમાણે કહીને પ્રગટ પ્રભુ શ્રીહરિએ રણમલજીને પોતાની સેવામાં રાખ્યા, તેથી રણમલજી રાજી થઈને શ્રીહરિની સેવા કરવા લાગ્યા. પછી એક દિવસ તેમને સમાધિ થઈ એટલે તેઓ અક્ષરધામમાં ગયા અને ત્યાં અનંતમુક્તો મધ્યે આ લોકમાં જેવા શ્રીહરિ હતા, એવા જ ત્યાં દેખાયા ! તેથી ભાવવિભોર થઈ દર્શન કરવા લાગ્યા.

પછી મહાપ્રભુ શ્રીહરિની ઈચ્છાથી સમાધિ ઉતરી એટલે અંતરમાં આનંદ-આનંદ છવાઈ ગયો. પછી તો શ્રીહરિનો વિશેષ મહિમા સમજાયો અને વિશેષપણે નિશ્ચય પણ દૃઢ થઈ ગયો.

હે ભક્તો ! રણમલજી અને પુંજાજી જ્યારે પોતાના ગામ મોડાથી ગઢપુર આવ્યા ત્યારે ક્ષત્રિય હોવાથી સાથે ઢાલ-તલવાર હથિયારો લાવ્યા હતા તેમજ સો-સો સોનામહોર પણ લાવ્યા હતા. તે ઢાલ-તલવાર અને બંનેની ૧૦૦-૧૦૦ સોનામહોર પુંજાજી પાસે હતી, તે તેમણે શ્રીહરિને અર્પણ કરી રાજીપો પ્રાપ્ત કર્યો.



## ૧૫ પુંજાજીને કારભારી બનાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! પુંજાજીને પણ દીક્ષા લઈ સંત બનવાની ઈચ્છા હતી. પરંતુ શ્રીહરિએ તેમને કહ્યું : "હે પુંજાજી ! અમારે તમને સાધુ કરવા નથી, પરંતુ તમારા સગાં મોટાભાઈને અમોએ લાડુબાઈની જમીનના કારભારી કર્યા છે. એ જ રીતે તમને પણ અમારે ઉત્તમ રાજાના (દાદા ખાચરના) ખેડના કારભારી કરવા છે. જમીન આવક-જાવક અને ખેતી સાચવવાની જવાબદારી સોંપવી છે."

(હે ભક્તો ! ઉપરોક્ત પ્રસંગમાં શ્રીજી મહારાજે પુંજાજીને કહ્યું છે કે, 'તમારા સંબંધી મોટાભાઈની જેમ તમને કારભારી કરવા છે.' આ મોટાભાઈ એટલે મહાન પ્રેમી સંત સચ્ચિદાનંદ સ્વામી ! પૂજ્ય સ્વામી એ પુંજાજી તેમજ રણમલજીના મામા હતા અર્થાત્ વડતાલના પ્રથમ મહંત સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામીના પૂર્વાશ્રમના સગા મામા સદ્‌ગુરુ સચ્ચિદાનંદ સ્વામી હતા.)

હે વહાલા વાચક ભક્તો ! જ્યારે શ્રીહરિએ પુંજાજીને દાદા ખાચરના

કારભારી બનવાનું કહ્યું તરત જ તેમણે બે હાથ જોડી નમસ્કાર કરી નિર્માનીભાવે કહ્યું : ‘‘હે મહારાજ ! મારે તો તમને રાજી કરવા છે, તમો સાધુ બનાવીને રાજી થાવ કે કારભારી બનાવીને રાજી થાઓ, આપની જેમ ઈચ્છા થશે એમ જ હું કરીશ.’’ પુંજાજીની આવી વાણી સાંભળી પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજ બહુ જ રાજી થયા અને પુંજાજીને પોતે ધારણ કરેલ ગુલાબનો હાર પહેરાવી દાદા ખાચરના કારભારી કર્યા.



# ૧૬ કાશીદાસભાઈને ત્યાં કામ કરવા

હે વહાલા સંતો-ભક્તો ! ત્યાર પછી પ્રભુએ રણમલજીને પૂછ્યું : “તમારે સાધુ થવું છે કે પછી અમો જેમ કહીએ તેમ કરવું ?” મહાપ્રભુ શ્રીહરિની મધુરવાણી સાંભળીને પુંજાજીએ બે હાથ જોડીને નમ્ર સ્વરે કહ્યું : “હે મહારાજ ! મારે તો આપ જેમ કહો તેમ કરીને આપને રાજી કરવા છે.”

રણમલજી ભક્તનો આવો જવાબ સાંભળી પ્રગટ પ્રભુ શ્રીહરિ બહુ રાજી થયા અને કહેવા લાગ્યા : “હે રણમલજી ! ચરોતર પ્રદેશમાં બોચાસણ નામનું ગામ છે, તે ગામમાં અમારા એકાંતિક ભક્તરાજ કાશીદાસભાઈ રહે છે. તે મહાન ભક્ત છે, તેથી તમો ત્યાં જાઓ અને અમારી આજ્ઞા માની તે કાશીદાસભાઈને ખેતી કરવામાં મદદ કરજો.”

હે ભક્તો ! પ્રભુની આજ્ઞા થતાં જ રણમલજી ભગત તરત જ શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી ગઢડાથી ઉતાવળા ઉતાવળા ચાલતા બોચાસણ આવ્યા અને કાશીદાસભાઈ (મોટા)ને જય સ્વામિનારાયણ કહી નમસ્કાર કરી સર્વે વાત કરી.

પ્રગટ પ્રભુએ જ આ ભક્તને મારે ત્યાં સેવા કરવા મોકલ્યા છે, એ સાંભળીને કાશીદાસ મોટા બહુ રાજી થયા અને રણમલજીને ભક્ત જાણીને સારો ઓરડો રહેવા માટે આપ્યો, તેમજ ઘરના જ એક સભ્ય હોય એ રીતે ઘેર રાખી નાનું-મોટું કામકાજ સોંપવા લાગ્યા.



# ૧૭ સેવા જોઈ કાશીદાસભાઈ આશ્ચર્ય પામ્યા

હે વહાલા સંતો-ભક્તો ! પોતાના ઘેર કામ કરવામાં સ્વાર્થ હોય છે - મમત્વ હોય છે અને ફાયદો થતો હોય છે, પણ બીજાના ઘેર કામ કરવામાં સ્વાર્થ નથી હોતો, મમત્વ પણ નથી હોતું તેમજ ફાયદો પણ નથી હોતો; તો પણ રણમલજી ભક્ત તો પ્રગટ પ્રભુ શ્રીહરિની આજ્ઞા સમજી હસતા મુખે હોંશે હોંશે એક મહાન ભક્ત માની કાશીદાસભાઈના ઘરનું કામ તેમજ ખેતીવાડીનું કામ કરતા હતા !

હે વહાલા વાચક ભક્તો ! મોડા ગામના ગામધણીના રાજકુમાર હતા રણમલજી ભક્ત. તેઓ જ્યારે ઘેર હતા ત્યારે તેમને ત્યાં અનેક નોકર-ચાકરો પણ હતા, તેથી તેઓએ ખેતી-વાડીનું કામ પણ ક્યારેય કરેલ ન હતું, તેઓ તો ફક્ત ખેતીવાડીનું ધ્યાન રાખતા હતા. પરંતુ શ્રીજી પ્રભુની આજ્ઞાને કારણે બોચાસણમાં કાશીદાસભાઈને ત્યાં મહિમા સમજી નાનામાં નાનું કામ પણ મહિમાથી કરતા હતા !

આ પ્રમાણે રણમલજી ભક્ત ઉચ્ચકુળનું કે ક્ષત્રિય જાતિનું અભિમાન છોડી નિર્માનીપણે રહીને નાના-મોટું કામ કરવા લાગ્યા. એમ સેવા કરતાં કરતાં છ મહિના વીતી ગયા, પરંતુ તેમની શ્રદ્ધા મંદ પડી નહિ.

હે ભક્તો ! એક દિવસ કાશીદાસભાઈએ મનોમન વિચાર કર્યો : “અરે ! આ યુવાન ભક્તની શ્રદ્ધા તો દિવસે દિવસે વધતી જાય છે, પરંતુ મારે હવે આવા મહાન ભક્ત પાસે ઘરનું કે ખેતીનું કામ કરાવવું ન જોઈએ. તેઓ તો ભજનાનંદી અને નિર્માની ભક્ત છે, તેથી તેમને લઈ ગઢડા જાઉં.”



# ૧૮ રણમલજી ભક્તના ગુણોની પ્રશંસા

હે વહાલા સંતો-ભક્તો ! બોચાસણથી કાશીદાસ ભગત રણમલજી ભગતને સાથે લઈને ગઢડા આવ્યા. ત્યારે મહાપ્રભુ શ્રીહરિ લીલુડા લીંબતરું નીચે સભા કરીને કથા-વાર્તાનો લાભ આપી રહ્યા હતા. ત્યારે બંને ભક્તો ત્યાં આવ્યા અને શ્રીહરિને દંડવત-પ્રણામ કરી સભામાં બેઠા.

કથા પૂર્ણ થયા બાદ કાશીદાસ ભગતે શ્રીહરિને કહ્યું : "હે મહારાજ ! આપશ્રીએ મોકલેલ આ રણમલજી ભગત તો ભજનાનંદી મહાપુરુષ છે. તેઓ નિર્માની રહીને સેવા કર્યા કરે છે. આપની આજ્ઞા મુજબ મેં પણ તેમની પાસે બહુ સેવા કરાવી છે, પરંતુ હવે મારે આવા મહાન ભક્ત પાસે મારા ઘરનું કામકાજ તથા ખેતીનું કામ કરાવવું નથી, તેથી આપ રણમલજી ભક્તને આપની સેવામાં રાખો."

હે ભક્તો ! કાશીદાસ ભક્તની વાત સાંભળીને શ્રીહરિએ રણમલજી ભક્તને ફરીને પોતાની સેવામાં રાખ્યા અને સભામાં પ્રશંસા કરતા કહ્યું : "હે

સંતો-ભક્તો ! આ રણમલજી ભક્તને અમને રાજી કરવાનો ખપ છે, તેથી તેઓએ અમારી આજ્ઞા માનીને બોચાસણ જઈ છ મહિના સુધી ખેતીનું કામ કર્યું ! પોતે ગામધણીના દીકરા તેમજ ક્ષત્રિય હોવા છતાં સામાન્ય માણસની જેમ જ નિર્માની થઈને કાશીદાસ ભક્તની આજ્ઞામાં રહ્યા, માટે જેને કલ્યાણનો ખપ હોય તેમજ અમને રાજી કરવા હોય તેમણે આ રણમલજી ભક્ત જેવું જીવન બનાવવું જોઈએ.''



# ૧૯ રણમલજીમાંથી - અક્ષરાનંદ સ્વામી

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિએ બીજીવાર પોતાને સેવાનો લાભ આપ્યો એટલે રણમલજી ભક્ત બહુ રાજી થયા અને મહિમા જાણી પ્રભુની સેવા કરવા લાગ્યા. આ પ્રમાણે સેવા કરતાં કરતાં ઘણો સમય વીતી ગયો. પછી એક દિવસ રણમલજીએ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને વિનંતી કરતા કહ્યું : ‘‘હે મહારાજ ! આપશ્રીએ એકવાર કહ્યું કે ‘હમણા સેવા કરો, પછી ત્યાગીની દીક્ષા આપીશું.’ તો મારી પણ ઈચ્છા છે કે મને સાધુ બનાવો.’’

હે વાચક ભક્તો ! શ્રીહરિએ રણમલજીને છ મહિના ખેતી કરાવીને પરીક્ષા તો કરી લીધી હતી અને તે પરીક્ષામાં પણ રણમલજી ભક્ત પાસ થઈ ગયા હતા તેથી શ્રીહરિએ રાજી થઈને તેમને ગઢડામાં જ દીક્ષા આપી ‘‘અક્ષરાનંદ સ્વામી’’ નામ પાડ્યું.

હે ભક્તો ! સદ્‌ગુરુ પ્રભુ શાસ્ત્રીએ પોતાના પુસ્તક ‘સંત સુમન સ્રજ’માં અક્ષરાનંદ સ્વામીને ગઢપુરમાં દીક્ષા આપી એવો ઉલ્લેખ કર્યો છે પરંતુ સદ્‌ગુરુ

જ્ઞાનજીવનદાસ સ્વામી કુંડળવાળાએ 'વડોદરા-કારેલીબાગ પાટોત્સવ' ઈ.સ. ૨૦૨૨માં 'શ્રીહરિકૃષ્ણ ચરિત્રામૃત સાગર'ની કથામાં કહ્યું હતું કે ''ભગવાન સ્વામિનારાયણ સોરઠમાં આવેલ કાલાવડ ગામમાં જાદવજીભાઈ ખત્રીને ઘેર પધાર્યા અને સંવત્ ૧૮૬૮માં (મોડાના રણમલજીને દીક્ષા આપી) અક્ષરાનંદ સ્વામીને ભાગવતી દીક્ષા આપી.'' પૂજ્ય જ્ઞાનજીવન સ્વામીએ પણ માધવદાસ સ્વામી કૃત 'શ્રી હરિકૃષ્ણ ચરિત્રામૃત સાગર' ગ્રંથનું પ્રમાણ આપ્યું હતું.



# ૨૦ અક્ષરાનંદ સ્વામીને મંડળધારી કર્યા !

હે વહાલા સંતો-ભક્તો ! કાલાવડ ગામમાં જાદવજીભાઈ ખત્રીને ઘેર દીક્ષા લઈ અક્ષરાનંદ સ્વામી બનેલા ભક્તરાજ રણમલજીને પ્રગટ પ્રભુએ એ દિવસે જ મંડળધારી બનાવી દીધા. શ્રીહરિએ તેમને કહ્યું : “હે અક્ષરાનંદ મુનિ ! અમો તમને મંડળધારી બનાવીએ છીએ; કારણ કે તમારામાં વ્યવહારિક ગુણો તેમજ આધ્યાત્મિક સદ્‌ગુણો છે, એના કારણે અમો તમને મોટેરા કરીએ છીએ, તેથી તમો ચાર સંતોને સાથે લઈ ગામડાંઓમાં વિચરણ કરી સત્સંગ પ્રચાર-પ્રસાર કરી મુમુક્ષુઓને અમારા સ્વરૂપનો નિશ્ચય કરાવો.”

આ પ્રમાણે રાજીપો દર્શાવી મંડળધારી કર્યા, એટલે તુરંત જ અક્ષરાનંદ સ્વામી ચાર સંતો સાથે ગામડાંઓમાં વિચરણ કરતાં કરતાં પ્રગટ પ્રભુનો નિશ્ચય કરાવવા લાગ્યા !

હે ભક્તો ! અનેક ગામડાંઓમાં સત્સંગ વધારી કથા-વાર્તાનો લાભ આપી અક્ષરાનંદ સ્વામી ગઢપુર આવ્યા. આવીને શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને સભામાં

બેઠા. ત્યારે શ્રીહરિએ કહ્યું : ‘‘અક્ષરાનંદજી ! તમોએ અનેક ગામડાંઓમાં સત્સંગ વધાર્યો છે, તેના કારણે અમો તમારા ઉપર બહુ જ રાજી થયા છીએ, પરંતુ હવે અમારી ઈચ્છા છે કે હમણાં ગામડાંઓમાં ફરવાનું બંધ કરી અમદાવાદ મંદિર અમોએ બંધાવ્યું છે, ત્યાં જઈને મંદિરમાં રહો અને કથા-વાર્તા કરી અમદાવાદ દેશના હરિભક્તોને રાજી કરો.’’



# ૨૧ વડતાલધામમાં મંદિરનું ખાતપૂજન

હે વહાલા સંતો-ભક્તો ! એકવાર વડતાલધામના જોબનપગી, બાપુભાઈ, વાસણ સુથાર અને નારાયણગિરિ વગેરે હરિભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરતા કહ્યું : "હે મહારાજ ! ચરોતર પ્રદેશમાં દિન-પ્રતિદિન સત્સંગ વધતો જાય છે, માટે કૃપા કરી આપ અહીં વડતાલમાં મંદિર કરાવો, એટલે સૌ સત્સંગી બહેનો-ભાઈઓને દર્શનનું સુખ મળ્યા કરે."

પ્રેમીભક્તોનો પ્રેમ જોઈ પ્રગટ પ્રભુ શ્રીહરિએ હા કહી એટલે મંદિર માટે તેમજ સંતોની ધર્મશાળા માટે ઉદાર દિલ હરિભક્તોએ જમીનનું દાન આપ્યું. તેથી ખાત-મુહૂર્ત જોવડાવી તડામાર તૈયારી કરી લીધી. પછી સ્વયં આદિનારાયણ એવા પ્રગટ પ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણે વિ. સંવત્ ૧૮૭૮ના ચૈત્ર માસમાં વડતાલ ગામમાં ધામ બનાવવા માટે ખાત-પૂજન કરી સૌને રાજી કર્યા.

હે ભક્તો ! એ ખાત-પૂજન વખતે ચરોતર પ્રદેશના અનેક ગામડાંઓમાંથી હજારો નરનારીઓ વડતાલ આવ્યા હતા. એ સિવાય ચૈત્રી સમૈયો હોવાથી પણ સત્સંગના ગામડાંઓમાંથી હજારોની સંખ્યામાં આબાલ-વૃદ્ધ સહિત અનેકાનેક

સ્ત્રી-પુરુષો આવ્યા હતા અને સૌ કોઈએ આ પ્રસંગનો બહુ લાભ લીધો હતો.

એ ચૈત્રી સમૈયામાં તેમજ ખાત-પૂજન વિધિમાં અનેક સંતો-પાર્ષદો તેમજ હરિભક્તો પણ આવ્યા હતા. તેમાં ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ભાઈ રામદાસજી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી વગેરે પધાર્યા હતા.



# ૨૨ મંદિરનું કામ બ્રહ્માનંદ સ્વામીને

હે વહાલા સંતો-ભક્તો ! ખાત-પૂજનનો વિધિ સંપૂર્ણ થયા પછી શ્રીહરિએ નારાયણમોલ જઈ સભાનું આયોજન કર્યું; તેમાં ઉપરોક્ત કહ્યા મુજબ પાંચ સદ્ગુરુને બોલાવ્યા તેમજ આગેવાન સત્સંગીઓને પણ બોલાવ્યા. તેમાં જોબન બાપા, બાપુભાઈ તેમજ બોચાસણના કાશીદાસભાઈ વગેરે આવીને સભામાં યથાયોગ્ય બેઠા.

ત્યાર પછી પ્રગટ પ્રભુ શ્રીહરિ સભાને ઉદ્દેશીને બોલ્યા : "હે સંતો-ભક્તો ! અમે મંદિરનું ખાત-પૂજન તો કર્યું, પરંતુ રાજનીતિ અને વ્યવહારમાં પારંગત એવા કોણ છે કે જે અહીં મોટું મંદિર કરી શકે ?"

પ્રગટ પ્રભુની મીઠી વાણી સાંભળીને સત્સંગની મા એવા સદ્ગુરુવર્ય મુક્તાનંદ સ્વામી બે હાથ જોડી કહેવા લાગ્યા : "હે મહારાજ ! આવા મોટા કામમાં સુજ્ઞ અને પારંગત તો આ બ્રહ્માનંદ સ્વામી છે, કારણ કે તેમણે પૂર્વાશ્રમમાં રાજદ્વારમાં રહીને બહુ કારભાર કરેલા છે, તેથી તેઓ જનમનને રીઝાવીને

ધનનું ઉપાર્જન કરવામાં પણ માહિર છે, તેથી મંદિરનું કામ તેમને સોંપો.''

હે ભક્તો ! સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની વાત સાંભળીને શ્રીહરિએ તુરંત બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''બ્રહ્મમુનિ ! આજથી મંદિરનો ભાર તમારા માથે મુકીએ છીએ. તમો અહીં વડતાલમાં રહીને મંદિરનું કામ કરાવો.''



# ૨૩ અક્ષરાનંદ સ્વામીને પણ કામ સોંપ્યું

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિની આજ્ઞા થતાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી વડતાલમાં મંદિર કરવા રાજી થયા, પરંતુ તેમણે બે હાથ જોડી વિનંતી સહિત માગણી કરતા કહ્યું : "હે મહારાજ ! અક્ષરાનંદ સ્વામી વહીવટકુશળ છે, કાર્ય કરવામાં બહુ વિચક્ષણ છે, તેથી તેમને પણ મંદિરના કાર્યમાં મારી સાથે મુકો, એવી મારી અરજી છે."

"પણ મુનિવર અક્ષરાખ્યનંદ, પરમ વિચક્ષણ જેહ છે સ્વછંદ;
રહી અહીં મુજને સહાયી થાય, મુજ થકી તો શુભ કામ તે કરાય."

(હ. મૃત. ૮/૬-૬૬)

બ્રહ્માનંદ સ્વામીની માંગણી સાંભળીને નિત્યાનંદ સ્વામીએ પણ તેમાં સુર પુરાવતા કહ્યું : "હે મહારાજ ! બ્રહ્માનંદ સ્વામીની માગણી બરાબર છે, કારણ કે તેમને ક્યારેક કાંઈ પ્રસંગે બહાર જવું પડે ત્યારે મંદિરની દેખરેખ તેમનાથી રાખી શકાય નહિ; તે સમયે તો અક્ષરાનંદ સ્વામી દેખરેખ રાખી

શકે તેવા તેઓ કાર્યકુશળ છે.''

હે ભક્તો ! બંને સદ્‌ગુરુઓએ અક્ષરાનંદ સ્વામીની માગણી કરી એટલે મહાપ્રભુ શ્રીહરિએ તરત જ પાર્ષદને મોકલી અક્ષરાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''સ્વામી ! અમારી આજ્ઞાથી તમે વડતાલમાં રહી બ્રહ્માનંદ સ્વામીની સાથે રહી મંદિરનું કામ સંભાળજો.'' પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ અક્ષરાનંદ સ્વામીએ પ્રણામ કરીને કહ્યું : ''હે મહારાજ ! દેવતાઓ અને ઈશ્વરો પણ આપની આજ્ઞામાં રહીને કાર્ય કરે છે - એ જ રીતે હું પણ આપની આજ્ઞા માની મંદિરનું કામ કરી આપને રાજી કરીશ.''



# ૨૪ અક્ષરાનંદ સ્વામીએ વિનંતી કરી

હે વહાલા સંતો-ભક્તો ! એવું સાંભળીને શ્રીહરિ બહુ રાજી થયા. પછી બ્રહ્માનંદ સ્વામી તથા અક્ષરાનંદ સ્વામીને સભામાં બોલાવી રાજીપો દર્શાવ્યો અને ભેટીને ગુલાબના હાર પહેરાવી સભામાં બંને સંતોની પ્રશંસા કરી ત્યારે અક્ષરાનંદ સ્વામીએ વિનંતી સભર સ્વરે કહ્યું : ''હે મહાપ્રભુ ! અમારી સાથે જો આનંદાનંદ સ્વામી હોય તો તેઓ બહુ જ સહાયી બની શકે તેમ છે.''

અક્ષરાનંદ સ્વામીની આ વાત સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા, તેથી બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ એવા આનંદાનંદ સ્વામીને વડતાલમાં રહીને મંદિરમાં સેવા કરવાની આજ્ઞા આપી એટલે તેઓ પણ રાજી થઈને વડતાલ રોકાઈને મંદિરની સેવા કરવા લાગ્યા.

હે ભક્તો ! ત્યાર પછી શ્રીહરિએ ચરોતર પ્રદેશના સત્સંગીઓને કહ્યું : ''હે હરિભક્તો ! આ ત્રણ સંતો જે રીતે કહે એ રીતે તમો મંદિરનાં બાંધકામમાં તન-મન અને ધનથી સેવા કરજો.'' પ્રગટ પ્રભુની આજ્ઞા સાંભળી સૌ ભક્તોએ એકી અવાજે કહ્યું : ''હે મહારાજ ! આપની આજ્ઞા અમો શિરોધાર્ય ધારણ કરીએ છીએ. જેની પાસે ધન છે એ ધન આપશે અને બાકીના ભક્તો દેહથી સેવા કરી તમને રાજી કરશું.''

# ૨૫ બ્રહ્માનંદ સ્વામીને સાથે લીધા

હે વહાલા સંતો-ભક્તો ! આ પ્રમાણે સંતો અને હરિભક્તોને ભલામણ કરીને મહાપ્રભુ શ્રીહરિ ચરોતરનાં ગામડાંઓમાં વિચરણ કરતાં કરતાં હરિભક્તોને દર્શન દેતાં દેતાં ગઢપુર પધાર્યા. આ બાજુ વડતાલ ગામમાં સુંદર નવ શિખરવાળું ધામ તૈયાર થવા લાગ્યું. ત્રણેય સંતો પોતપોતાની બુદ્ધિ- કૌશલ અને ચતુરાઈના કારણે શિલ્પીઓને સલાહ આપી મંદિરને વિશેષ ઓપ આપવા લાગ્યા.

આમ કરતાં કરતાં જોતજોતામાં મંદિર તૈયાર થઈ જવા આવ્યું, મંદિરનું કામ થોડુંક જ બાકી રહ્યું, એ સમયે ગઢપુરથી સ્વયં શ્રીહરિ મંદિરનું કામ જોવા માટે વડતાલ પધાર્યા. આવીને જોયું તો નવ શિખરવાળું કમળાકાર મંદિર જોઈ ત્રણેય સંતો ઉપર બહુ રાજી થયા તેથી છાતીમાં ચરણાર્વિંદ આપી ભેટીને પોતાના ગળામાં પહેરેલા હાર પહેરાવ્યા.

પછી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિ કહેવા લાગ્યા : ‘‘હે બ્રહ્મમુનિ ! તમો અહીં વડતાલ મંદિર કરવા રોકાઈ ગયા છો, તેથી ગઢપુરમાં અમોને કીર્તન બનાવીને સંભળાવનારાની ખોટ વર્તાય છે, માટે અમારી સાથે ગઢડા ચાલો અને પહેલાંની જેમ નવાં નવાં કીર્તનો બનાવીને સભામાં તેનું ગાન કરીને અમને રાજી કરો.’’

# ૨૬ અક્ષરાનંદ સ્વામીને મંદિરનું કામ સોંપ્યું

હે વહાલા સંતો-ભક્તો ! પૂજ્યપાદ બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિએ આજ્ઞા કરી તુરંત જ કોઈપણ જાતની દલીલ કર્યા સિવાય સ્વામી શ્રીહરિ સાથે ગઢપુર પધાર્યા અને નવી નવી પદ રચના કરી પ્રગટ પ્રભુ આગળ ગાઈને પ્રભુને રીઝવવા લાગ્યા.

"મનગમતું સર્વે મૂકીને, એક તમને રીઝાવા જી;
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, ગુણ તમારા ગાવાજી."

હે વહાલા વાચકો ! વડતાલધામના મંદિરનું અધુરું કામ છોડીને શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીને ગઢપુર લઈ ગયા, તેથી મંદિર પુરુ કરવાની જવાબદારી અક્ષરાનંદ સ્વામીને સોંપી એટલે તેમણે પણ અધુરું રહેલ કામ પૂર્ણ કરવા માટે એક પત્ર લખીને ગઢડા શ્રીહરિ ઉપર વડતાલના ભક્તો સાથે મોકલ્યો. તેનું વર્ણન હરિલીલામૃતમાં લખ્યું છે કે -


**(પૂર્વછાયો)**

“જોબન પગીને કુબેરજી, નારાયણગિરિ હરિજન;
વિચરીયા વરતાલથી, સમૈયે કરવા દરશન.”

**(ચોપાઈ)**

“લખીને અક્ષરાનંદે પત્ર, મોકલ્યો તેહની સાથે તત્ર;
કરી વિનંતી લખેલું તે માહી, સંતમંડળ મોકલો આહીં.
આહીં હોય ઝાઝા જન જેમ, થાય કામ ઉતાવળું તેમ;
હરિભક્તે નમાવીને માથ, આપ્યો પત્ર પ્રભુજીને હાથ.
અદ્ભૂતાનંદનું એહ વારે, માવે મંડળ મોકલ્યું ત્યારે;”

(હ. મૃત : ૮/૧૧)



# ૨૭ અદ્‌ભૂતાનંદ સ્વામી મંડળ લઈ વડતાલમાં


હે વહાલા સંતો-ભક્તો ! જોબનપગીએ પત્ર આપ્યો એટલે શ્રીહરિએ પત્ર વાંચ્યો. તેમાં એવું લખેલ હતું કે, 'અહીંયા માણસોની તાણ છે. મંદિરનું કામ તો શરુ છે, પણ જો ઘણા લોકો હોય તો કામ ઉતાવળથી ચાલે એટલે જલ્દી પૂર્ણ થઈ જાય, તે માટે આપશ્રી જો સંતોનું મંડળ વડતાલ મોકલો તો મંદિરનું કામ પૂર્ણ કરી દઈએ.'

પ્રગટ પ્રભુ શ્રીહરિએ પત્ર વાંચીને તુરંત જ સદ્‌ગુરુ અદ્‌ભૂતાનંદ સ્વામીને બોલાવીને આજ્ઞા કરી એટલે તરત જ તેઓ પોતાના મંડળના સંતોને લઈને ગઢપુરથી વડતાલ આવવા માટે રવાના થઈ ગયા.

હે ભક્તો ! થોડા દિવસમાં અદ્‌ભૂતાનંદ સ્વામી પોતાના સંતોને લઈને વડતાલ પહોંચી ગયા. તેમને જોઈ અક્ષરાનંદ સ્વામી રાજી રાજી થઈ ગયા. પછી સંતો સાથે અદ્‌ભૂતાનંદ સ્વામી પણ મંદિરની સેવામાં જોડાઈ ગયા.

હે ભક્તો ! ગઢડામાં સભા કરીને શ્રીહરિએ કહ્યું : "ફૂલદોળનો ઉત્સવ

કરવા માટે અમારે વડતાલ જવું છે, માટે સંતો-ભક્તો તૈયાર થઈ જાવ.'' પછી સંતો-ભક્તો તૈયાર થઈ ગયા એટલે શ્રીહરિ ગઢડાથી માણકીએ સ્વાર થઈને રસ્તામાં સારંગપુર-કારિયાણી-કુંડળ-ગાંફ-સીંજીવાડા અને બુધેજ વગેરે ગામોમાં જઈ હરિભક્તોને દર્શન દઈ સાથે લઈ વડતાલ પધાર્યા.



# ૨૮ શ્રીહરિ ૩૭ ઇંટો લાવ્યા !

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિ વડતાલ પધાર્યા એટલે અક્ષરાનંદ સ્વામીએ સંતો-ભક્તોને સાથે લઈ શ્રીહરિનું સ્વાગત કરી હાર પહેરાવ્યા અને આખા વડતાલ ગામમાં શોભાયાત્રાની સવારી કાઢી વાજતે-ગાજતે મંદિરમાં આવી હરિમંડપમાં નિવાસ કરાવ્યો.

પછી અક્ષરાનંદ સ્વામીએ પ્રભુને દંડવત્ કરીને કહ્યું : ‘‘હે મહારાજ ! મારા માટે શું આજ્ઞા છે ? તે કહો.’’ ત્યારે શ્રીહરિએ કહ્યું : ‘‘અમો વડતાલમાં બે કારણો સાથે આવ્યા છીએ. એક તો ફૂલદોળનો ઉત્સવ કરવા અને બીજું આ મંદિરનું કામકાજ જોવાં; માટે પુષ્પદોલ-ઉત્સવની તૈયારી કરવા લાગો, તૈયાર થાય એટલે બોલાવજો.’’ હે ભક્તો ! અક્ષરાનંદ સ્વામીએ સંતો-ભક્તો સાથે લઈ ઉત્સવની તૈયારી કરી, ફરી શ્રીહરિને બોલાવવા આવ્યા. પછી શ્રીહરિ પધાર્યા અને પૂજન કરી નરનારાયણદેવની જન્મ જયંતીની આરતી ઉતારી દેવોને પ્રણામ કરી મંદિરનું કામકાજ જોવા માટે પધાર્યા. પછી પ્રગટ પ્રભુ જ્ઞાનબાગ પાસે ઈંટવાડે પધાર્યા અને માથે ઈંટો લઈ મંદિર તરફ આવવા લાગ્યા. આવું દૃશ્ય જોઈને મોટા મોટા વેપારી ભક્તો પણ પોતાના માથાં ઉપર ઈંટો ઉપાડી શ્રીહરિની પાછળ-પાછળ ચાલવા લાગ્યા.

# ૨૯ પ્રભુ પૂતળાં જોવાં પધાર્યા

**(ચોપાઈ)**

"તહાં બોલિયા મસ્તક નામી, અક્ષરાનંદ આનંદ સ્વામી;
નારાયણ મોલ નીચેનો ભાગ, તહાં ઓરડો ઓપે અથાગ.
પુતળાં હીરા ભક્તે બનાવ્યાં, તે તો તે ઓરડામાં મુકાવ્યાં;"
(હ.મૃત ક. ૧ વિ. ૧૫)

હે વહાલા સંતો-ભક્તો ! વડતાલ મંદિરનું કામ ચાલતું હતું તથા પૂર્વ દિશામાં પધરાવેલ હનુમાનજીની મૂર્તિ બનાવવાનું કામ પણ ચાલતું હતું. તેને જોવા માટે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજને તે તરફ લઈ જતા હતા. તે સમયે તેઓની સાથે અક્ષરાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામી પણ હતા. તે બંને સંતોએ શ્રીહરિને કહ્યું : "હે મહારાજ ! આ નારાયણ મોલના નીચેના ઓરડામાં હીરા ભક્તે બનાવેલાં અનેક પ્રકારનાં પૂતળાંઓ રાખ્યાં છે, તેથી તેને જોવાં માટે આપ પધારો."

હે ભક્તો ! બંને સંતોની વિનંતી સાંભળી મહાપ્રભુ શ્રીહરિજી ત્યાં રૂમમાં પધાર્યા અને પૂતળાં ઉપર અમીમય નજરે જોયું. જોઈને પ્રગટ પ્રભુ આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા : ‘‘અરે ! હે સંતો ! આ પૂતળાંઓ તો બોલે એવાં દેખાય છે ! આની અંદર કેવળ જીવ નથી એટલી જ ખામી જણાય છે.’’

પ્રગટ પ્રભુની વાણી સાંભળી બાજુમાં ઉભા ઉભા સાંભળી રહેલા શ્રીજી સખા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી મર્મ સભર વચન કહેવા લાગ્યા....



# ૩૦ પ્રગટ પ્રભુએ પૂતળાંઓમાં પ્રાણ પૂર્યા !

**(ચોપાઈ)**

“આંહિ જો કોઈ ઈશ્વર આવે, તો આ પૂતળામાં પ્રાણ લાવે.
માંસના પુતળાંને રમાડે, કેમ પથ્થરનાં ન જીવાડે;
પણ જો કરુણા ઉર આણે, એવી લીલા દેખાડે આ ટાણે.
એવાં સાંભળી મર્મ વચન, મંદ મંદ હસ્યા ભગવાન;
હતી નેતરની છડી હાથે, પુતળાંને અડાડી તે નાથે.
જીવતાં થઈ નાચવાં લાગ્યાં, વાજાં વિવિધ પ્રકારનાં વાગ્યાં;
સુણી જોવા આવ્યા ઘણા જન, થયા નિરખીને મનમાં મગન.”
(હ. મૃત. ક. ૧ વિ. ૧૫)

હે વહાલા વાચકો ! પૂજ્યપાદ સ્વામીને નૃત્ય કરતાં પૂતળાં જોવાં હતાં, એટલે મર્મના રૂપમાં બોલ્યા : “હે મહારાજ ! પૂતળાં તો સરસ જ છે, પરંતુ ભગવાન વિના એને કોણ જીવતાં કરે ? અહીં ભગવાન તો છે નહિ; જો હોય તો પૂતળાંમાં પ્રાણ પૂરે. ભગવાન તો માંસનાં પૂતળામાં પ્રાણ પૂરે કે પથ્થરનાં

પૂતળાંમાં પ્રાણ પૂરે, બંને સમાન જ ગણાય છે; તેથી અહીંયાં જો પ્રભુ હોય અને એને જો દયા આવે તો પૂતળાંને જીવતા કરે ને એની લીલા દેખાડે.''

હે ભક્તો ! બ્રહ્માનંદ સ્વામીના મર્મભર્યા વચનો સાંભળી શ્રીહરિજી મંદ મંદ હસવા લાગ્યા અને હાથમાં નેતરની સોટી હતી તે એક પછી એક પૂતળાંને અડાડવા લાગ્યા. ત્યાં તો ચમત્કાર સર્જાયો. બધાં જ પૂતળાંઓ નૃત્ય કરવાં લાગ્યાં ! જેના હાથમાં જે વાજિંત્રો હતાં તે વગાડવાં વાગ્યાં ! એનો અવાજ સાંભળી મંદિરમાં જે જે સંતો-ભક્તો સેવા કરતા હતા તે તે સૌ ત્યાં જોવા આવ્યા.

હે ભક્તો ! જે જે પૂતળાંઓને શ્રીહરિએ નચાવ્યાં હતાં તે બધાં જ પૂતળાંઓ હાલ વર્તમાન સમયમાં વડતાલ મંદિરની અંદર થાંભલા ઉપર અને ગોળ ઘુંમટની ચારેબાજુ મૂકેલાં છે. એ પૂતળાંઓને જોઈને સૌ સંતો-ભક્તો, બહેનો અને ભાઈઓ ૨૦૦ વર્ષ પહેલાંની લીલા યાદ કરી શ્રીહરિનો વિશેષ મહિમા જાણે છે. તેમજ તે પૂતળાંઓને અડાડેલી નેતરની છડી હતી તેનાં દર્શન હાલ વડતાલધામમાં આવેલ અક્ષરભુવનમાં થઈ રહ્યા છે !

# ૩૧ શ્રીહરિએ મૂર્તિઓ બતાવી

હે વહાલા સંતો-ભક્તો ! બીજા દિવસે શ્રીહરિ અક્ષરાનંદ સ્વામીને સાથે લઈને મંદિરનું કામ જોવા પધાર્યા. એ સમયે સંતો-ભક્તો સેવા કરી રહ્યા હતા. તે જોઈને પ્રભુ શ્રીહરિ તેમના ઉપર બહુ જ રાજી થયા, તેથી દરેકને ભેટી છાતીમાં ચરણારવિંદ આપ્યાં.


ત્યાંથી શ્રીહરિ શિલ્પીઓ પાસે ગયા, તો તેઓ મૂર્તિઓ ઘડી રહ્યા હતા. હનુમાનજી-ગણપતિ વગેરેની મૂર્તિઓ જોઈ હીરાભાઈ અને નારાયણભાઈ વગેરે શિલ્પીઓ ઉપર રાજી થઈ તેઓને રાજીપા રૂપે ગુલાબના હાર પહેરાવ્યા તેમજ ભેટ્યા.

હે ભક્તો ! એ સમયે અક્ષરાનંદ સ્વામીએ કહ્યું : ‘‘હે મહારાજ ! આપની ઈચ્છા અહીંયા વડતાલમાં લક્ષ્મીનારાયણદેવ પધરાવવાની છે, તેથી અમોએ ઘણી તપાસ કરી પરંતુ અમોને તેમની મૂર્તિ ક્યાંય મળતી નથી.’’

**(ચોપાઈ)**

‘‘અક્ષરાનંદ બોલિયા વાણી, સ્નેહે સાંભળો સાંરગપાણી;

મૂર્તિ લક્ષ્મીનારાયણ કેરી, નથી મળતી અમે બહુ હેરી.
હસી બોલિયા અંતરજામી, પોતે સર્વજ્ઞ સંતના સ્વામી;
મૂર્તિઓ મહા દૈવતવાળી, રમાનાથ રમાની રૂપાળી.
અતિ પાવન છે પુરાતની, મનવૃત્તિ હરે હરિજનની;
તે તો છે વટપત્તનમાંય, મોટા સંતને મોકલો ત્યાંય.''
(શ્રી હ. મૃત ક. ૮ વિ. ૧૧)



# ૩૨ બે સદ્‌ગુરુઓ વડોદરા પધાર્યા

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામીની વાણી સાંભળીને કહ્યું : “લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ તો તૈયાર જ છે અને વડોદરામાં જ છે. અમો જ્યારે વન-વિચરણ કરતાં કરતાં વડોદરા માંડવી નીચે વિસામો લીધો હતો. ત્યારે અમીચંદ નામના વણિકને ઘેર ગયા હતા ત્યારે ત્યાં પુરાતની લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ જોઈ હતી.”

શ્રીહરિની આવી મધુર વાણી સાંભળી અક્ષરાનંદ સ્વામી અને સંતો-ભક્તો ખૂબ રાજી થયા એ સમયે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી વડોદરા જઈ લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ લઈ આવવા તૈયાર થયાં, તેથી શ્રીહરિએ રાજી થઈ બંનેને આશીર્વાદ આપીને કહ્યું : “કાંઈ મુશ્કેલી આવે તો અમારી મૂર્તિને યાદ કરજો. અર્થાત્ અમને સંભારજો એટલે મૂર્તિઓ પ્રાપ્ત થશે.”

**(ચોપાઈ)**

“મોકલ્યા એવી આગન્યા કરી, અક્ષરાનંદને કહે હરી;

હવે ઝડપથી કામ ચલાવો, થાય મંદિર તેમ કરાવો.
આવતે વર્ષ કાર્તિક માસે, કામ મૂર્તિ પ્રતિષ્ઠાનું થાશે;
માટે ચિત્તમાં એવું વિચારી, કરી રાખજો સઘળી તૈયારી.
અક્ષરાનંદ કહે મહારાજ, કરશું ઉતાવળ થકી કાજ;
હરિ નવમીનો અવસર આવ્યો, તે સમૈયો કરીને સિધાવો.''
(હ.મૃત ક.-૮ વિ. ૧૧)



# ૩૩ અક્ષરાનંદ સ્વામીને ભલામણ

હે વહાલા સંતો-ભક્તો ! મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ લેવા માટે વડોદરા મોકલ્યા પછી મહાપ્રભુ શ્રીહરિ વડતાલમાં અક્ષરાનંદ સ્વામીને કહેવા લાગ્યા : "હે સ્વામી ! આવતાં વર્ષે કારતક માસમાં (સંવત્ ૧૮૮૧) દેવોની પ્રતિષ્ઠા કરવી છે, તેથી તમો ઝડપથી મંદિરનું કામ ચલાવો એટલે પૂર્ણ થઈ જાય. એ સિવાય પણ ઉત્સવની તૈયારી અત્યારથી કરવા લાગજો."

પ્રગટ પ્રભુની વાત સાંભળી અક્ષરાનંદ સ્વામીએ કહ્યું : "હે મહારાજ ! આપની આજ્ઞા મુજબ જ બધી તૈયારીઓ કરી રાખીશું, તેમજ મંદિરનું કામ પણ જલ્દીથી પૂર્ણ કરીશું. બીજી એક વિનંતી છે કે, હરિ નવમીનો સમૈયો હમણાં આવે છે, માટે એ ઉત્સવ અહીં વડતાલમાં કરો અને ત્યાર પછી જ ગઢપુર જાઓ એવી મારી ઈચ્છા છે."

હે ભક્તો ! અક્ષરાનંદ સ્વામીની ઈચ્છા જાણી શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા માટે વડતાલમાં રોકાયા અને કથા-વાર્તા તેમજ દર્શનનું સુખ આપવા

લાગ્યા. પ્રગટ હરિ રોજ રોજ પ્રેમી ભક્તોનાં ઘેર જઈ પધરામણીઓ કરીને હરિભક્તોને રાજી કરવા લાગ્યા. આ પ્રમાણે સમૈયો પૂરો કર્યા પછી શ્રીહરિ સંતો-ભક્તો સાથે ગઢપુર જવા રવાના થયા. શ્રીહરિ વડતાલથી નીકળી રસ્તામાં સત્સંગીઓનાં ગામડાંઓમાં જઈ સૌને દર્શનનું સુખ આપી ગઢડા પધાર્યા.



# ૩૪ અક્ષરાનંદ સ્વામીએ પ્રભુને પત્ર લખ્યો

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિના આશીર્વાદથી વડતાલમાં મંદિરનું કામ પૂર્ણ થવા આવ્યું, એટલે અક્ષરાનંદ સ્વામીએ આનંદાનંદ સ્વામીને કહ્યું :

**(રથોદ્ધતા)**

“અક્ષરાખ્ય મુનિ વાક્ય ઉચ્ચરે, તે આનંદમુનિ ચિત્તમાં ધરે;
આજ સર્વ શ્રમ આપણો ફળ્યો, પૂર્વ પુણ્યનિધિ માનીયે મળ્યો.
વાત એહ લખી એક કાગળે, મોકલાય મુનિનાથ આગળે;
તેહ પત્ર વૃષપુત્ર વાંચશે, રાજી રાજી હૃદયે ઘણા થશે.”

(હ. મૃત ૮/૧૩)

“હે આનંદાનંદ સ્વામી ! સાંભળો. આપણાં પૂર્વજન્મનાં પુણ્ય ઉદય થયા હશે એટલે આપણા ઉપર રાજી થઈને પ્રગટ પ્રભુએ આપણને આ મંદિરની સેવા કરવાનો લાભ આપ્યો છે. આપણી મહેનત સફળ થઈ છે, કેમ કે મંદિર તૈયાર થઈ જવા આવ્યું છે. તેથી એક પત્ર લખીને આપણે ગઢપુર શ્રીહરિને

મોકલીએ એટલે પ્રભુ પ્રતિષ્ઠા કરવા માટે વડતાલ પધારે. આપણો લખેલ પત્ર પ્રભુ વાંચશે અને જાણશે કે પ્રતિષ્ઠા કરવાનો સમય આવી ગયો છે, એટલે તેઓ રાજી રાજી થઈ જશે.''

હે ભક્તો ! આ પ્રમાણે વિચાર કરીને એક પત્ર લખ્યો અને તે પત્ર આપવા જવા માટે જુસાજી નામના પગીને આપ્યો. આજ્ઞાકારી જુસાજી ભક્ત પત્ર લઈને ગઢડા ગયા અને ત્યાં શ્રીહરિને દંડવત્ કરીને પત્ર આપ્યો. પત્ર વાંચી શ્રીહરિ તેમજ સંતો બહુ જ રાજી થયા.



## ૩૫ શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામીને પત્ર લખ્યો

હે વહાલા સંતો-ભક્તો ! પત્ર વાંચીને દેવોની પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવા માટે કાનમ પ્રદેશના રૂવાદ ગામના પુરુષોત્તમ જોશી અને માણાવદર (સોરઠ)ના મયારામ ભટ્ટને બોલાવીને વાત કરી એટલે તે બંનેએ પંચાંગ જોઈને કહ્યું : “હે મહારાજ ! સંવત્ ૧૮૮૧ના કારતક સુદ બારશનું મુહૂર્ત સારું છે, તેથી એ દિવસે લક્ષ્મીનારાયણદેવ વગેરે દેવોની પ્રતિષ્ઠા કરો.”

બંને હરિભક્ત ભુદેવોની વાત સાંભળી તુરંત જ મહાપ્રભુ શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામી ઉપર પત્ર લખાવીને જણાવ્યું કે, ‘તમારો પત્ર વાંચીને અમો બંને સંતો ઉપર બહુ જ રાજી થયા છીએ. બીજું કે અમોએ પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવડાવ્યું છે. તે મુહૂર્ત કારતક સુદ ૧૨નું આવ્યું છે, તેથી તમો પ્રતિષ્ઠાની તૈયારી કરવા મંડી પડજો. અમારો પત્ર મળે એટલે કંકોતરીઓ લખાવીને સત્સંગીઓનાં ગામડાંઓમાં મોકલી સર્વે ભક્તોને વડતાલ આવવાનું ખાસ નેહભર્યું નિમંત્રણ મોકલી આપજો.’

વળી, અમો પ્રતિષ્ઠા વિધિમાં મંડપ બનાવવા માટે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ

સ્વામીને સંતો સહિત મોકલીએ છીએ તથા આ પ્રતિષ્ઠા-સમૈયામાં લાખો નરનારીઓ વડતાલ આવશે. તેથી સીધા-સામગ્રી મંગાવી લેજો. તેમજ ઉત્સવમાં ઘણા સંઘો આવશે, તેથી તેને ઉતરવા માટે વડતાલની આસપાસની વાડીઓ સ્વચ્છ કરાવજો.''



## ૩૬ વડતાલમાં પ્રતિષ્ઠાની તૈયારી

હે વહાલા સંતો-ભક્તો ! આ પ્રકારે અનેક પ્રકારની ભલામણ પત્રમાં લખીને તે પત્ર શ્રીહરિએ જુસાજી પગીને આપી વડતાલ જઈ અક્ષરાનંદ સ્વામીને આપવાનું કહ્યું. પછી તે પત્ર લઈ પ્રભુને દંડવત્ પ્રણામ કરી જુસાજી ભક્ત વડતાલ આવવા માટે ગઢડાથી રવાના થયા. થોડા દિવસોમાં તેઓ વડતાલ આવી ગયા. આવીને અક્ષરાનંદ સ્વામી પાસે જઈ પ્રણામ કરી શ્રીહરિએ આપેલ પત્ર સ્વામીને હાથોહાથ આપ્યો. તેથી પત્ર ખોલીને અક્ષરાનંદ સ્વામીએ તથા આનંદાનંદ સ્વામીએ વાંચ્યો. પછી બંને સંતોએ માલ-સામાન વગેરે સામગ્રી મંગાવવાની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી. ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાનુસાર બંને સંતોએ પ્રતિષ્ઠાની કંકોતરી લખાવી સંપ્રદાયના દરેક ગામડાંઓમાં મોકલાવી જાહેર આમંત્રણ પાઠવ્યું.

હે ભક્તો ! ત્યાર પછી અક્ષરાનંદ સ્વામીએ જોબનભક્ત તેમજ કુબેરભાઈ વગેરે વડતાલના હરિભક્તોને બોલાવીને કહ્યું : ‘‘હે ભક્તો ! તમે વડતાલના સર્વે સત્સંગ સમાજ તરફથી એક પત્રિકા શ્રીહરિને લખીને મોકલાવો અને એમાં લખો કે, ‘હે પ્રગટ પ્રભુ ! વડતાલ ગામને વડતાલધામ કરવા માટે આપશ્રી સંતો-ભક્તોને લઈ સંઘ સહિત પધારી અમને પાવન કરો.’’

## ૩૭ શ્રીહરિ વડતાલ પ્રતિષ્ઠા કરવા પધાર્યા

હે વહાલા સંતો-ભક્તો ! અક્ષરાનંદ સ્વામીના કહેવા પ્રમાણે જોબન બાપા, બાપુભાઈ, વાસણ સુથાર અને નારાયણગિરિ વગેરે ભક્તોએ પત્ર લખી પ્રતિષ્ઠાની 'આમંત્રણ પત્રિકા' સાથે ભેગા કરી તે બંને પત્ર જુસાજી પગીને આપીને કહ્યું : "તમે ફરીને ગઢપુર જાઓ અને પ્રગટ પ્રભુને સૌ તરફથી વડતાલ પધારવાનું આમંત્રણ આપી આવો."

આગેવાન ભક્તોની ઈચ્છા જાણી જુસાજી ભક્ત આમંત્રણ પત્રિકા અને પત્ર બંને સાથે લઈને ગઢડા ગયા. ત્યાં જઈ શ્રીહરિને દંડવત્ - પ્રણામ કરીને આમંત્રણ પત્રિકા આપી મૌખિક સંદેશો પણ સંભળાવ્યો.

પત્ર વાંચીને પ્રગટ પ્રભુ બહુ રાજી થયા અને મોટો સંઘ લઈ અનેક નરનારીઓ તેમજ આબાલ-વૃદ્ધ સૌને સાથે લઈ વડતાલ પધાર્યા. તેથી અક્ષરાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી વગેરેએ સાથે મળીને પ્રગટ પ્રભુ શ્રીહરિનું સામૈયું કરીને ધામધુમથી મંદિરે પધરાવ્યા. પછી સંતોને યથાયોગ્ય જ્ઞાનબાગ

વગેરેમાં ઉતારા આપ્યા તેમજ સાથે આવેલા હરિભક્તોને પણ વડતાલના ભક્તોનાં ઘેર યથાયોગ્ય ઉતારા અપાવ્યા.

હે ભક્તો ! ત્યાર પછી મહાપ્રભુ શ્રીહરિ અક્ષરાનંદ સ્વામીને સાથે લઈને મંદિર ઉપર પધાર્યા. ત્યાં જઈને જોયું તો મૂર્તિઓ સ્થાપનની જગ્યા અને અવતારોના સ્થાનકો સર્વે સરસ રીતે તૈયાર કરવામાં આવ્યાં હતાં. તે જોઈને શ્રીહરિ અક્ષરાનંદ સ્વામી ઉપર બહુ જ રાજી થયાં.



## ૩૮ નારાયણનાં આયુધો સવળાં થયાં !

હે વહાલા સંતો-ભક્તો ! શ્રીહરિની આજ્ઞા પ્રમાણે શ્રી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ લેવા માટે મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી વડોદરા ગયા હતા. ત્યાં અમીચંદ શેઠના ઘેરથી મૂર્તિઓ વડતાલ લાવી રહ્યા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીને મનમાં ઈચ્છા થઈ કે, 'આ દેવ ગઢડા લઈ જઈએ, પરંતુ શ્રીહરિની ઈચ્છા વડતાલમાં પધરાવવાની હતી, કારણ કે સતયુગમાં ભગવાન નારાયણે લક્ષ્મીજીને વરદાન આપ્યું હતું કે, 'વડતાલમાં તમોએ જે સ્થાનમાં રહી તપ કરેલ છે, તે સ્થળે સ્વામિનારાયણ ભગવાન કળિયુગમાં પ્રગટ થશે ત્યારે આપણી બંનેની મૂર્તિઓ પધરાવશે.' આ વરદાન સત્ય કરવા શ્રીહરિએ વરસાદ ખૂબ વરસાવ્યો, તેના કારણે રસ્તામાં પાણી ભરાઈ ગયા, તેથી મૂર્તિઓ બોચાસણ કાશીદાસ ભગતને ઘેર મૂકી હતી.

હે ભક્તો ! તે શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓ પછી બોચાસણથી વડતાલ લાવ્યા અને હાલમાં જે સ્થાનમાં બુરજ છે એની નીચે જે નાનો રૂમ છે તેની અંદર રાખવામાં આવી. પછી નિત્યાનંદ સ્વામી શ્રીહરિને ત્યાં લઈ ગયા અને

બોલ્યા : "હે મહારાજ ! આ નારાયણ ભગવાનની મૂર્તિનાં જે આયુધો છે તે અવળાં છે. એનું કેમ કરીશું ?" એવું સાંભળી શ્રીહરિએ મૂર્તિઓને ઓઢાડેલ વસ્ત્ર દૂર કર્યું ત્યાં તો આશ્ચર્ય થયું :

"આયુધ હાથે અવળાં હતાં જે, જોતાં જણાયાં સવળાં થયાં તે;
નીચે તણા દક્ષિણ હાથમાંય, ગદા થઈ ચક્ર હતું જ ત્યાંય.
ડાબે કરે જેહ ગદા જણાતી, ત્યાં ચક્ર દીઠું ભલું એ જ ભાતી."
(હ. મૃત ક. ૮/૨૩)



## ૩૯ અઢાર મૂર્તિઓની એક સાથે પ્રતિષ્ઠા

હે વહાલા સંતો-ભક્તો ! અત્યારે વડતાલ મંદિરમાં વચ્ચેના શિખરમાં દર્શન આપી રહેલા ચતુર્ભુજ નારાયણ ભગવાનની મૂર્તિના નીચેના જમણા હાથમાં ગદા છે, તે હાથમાં ચક્ર હતું. તેમજ ડાબી બાજુમાં નીચેના ડાબા હાથમાં ચક્ર છે, ત્યાં ગદા હતી ! પરંતુ પ્રગટ પ્રભુ શ્રીહરિની કૃપાથી અર્થાત્ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી નારાયણની મૂર્તિનાં આયુધો શાસ્ત્ર પ્રમાણે થઈ ગયા. આ ચમત્કારનો ખ્યાલ આવતા લોકોનાં ટોળેટોળાં દર્શન કરવાં માટે આવવાં લાગ્યાં.

હે ભક્તો ! બારસના દિવસે વહેલી સવારે ઊઠીને મહાપ્રભુ શ્રીહરિએ નિત્યવિધિ કર્યો. ત્યાં તો અક્ષરાનંદ સ્વામી ત્યાં પધાર્યા અને શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી યજ્ઞમાં પધારવા વિનંતી કરી. પછી પ્રભુ નારાયણમોલ આગળ યજ્ઞમાં પધાર્યા અને બધી જ મૂર્તિઓનો અભિષેક કરી તે મૂર્તિઓને રથમાં બેસાડી મંદિરને પ્રદક્ષિણા કરાવી પૂર્વદ્વારથી દરેક મૂર્તિઓને મંદિર ઉપર લઈ જઈ યથાયોગ્ય સ્થાપના કરી.

શ્રી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિને વચ્ચેના શિખર નીચે મધ્યખંડમાં પધરાવ્યાં, જમણા ખંડમાં શ્રી રાધા-કૃષ્ણદેવની બાજુમાં ઉપાસ્ય સ્વરૂપ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા ! અને ડાબા ખંડમાં ધર્મદેવ, ભક્તિમાતા તેમજ વાસુદેવ નારાયણ (શ્રીહરિનું અક્ષરધામનું સ્વરૂપ) પધરાવ્યાં. એ સિવાય બીજાં નાનાં-નાનાં છ શિખરો નીચે નાના-નાના ખંડમાં વરાહ નારાયણ, નૃસિંહ નારાયણ, શ્રી શેષશાયી નારાયણ, શ્રીકૂર્મ નારાયણ, સૂર્યનારાયણ અને મત્સ્ય નારાયણની મૂર્તિઓની સ્થાપના કરી.




# ૪૦ એક સાથે અગ્યાર રૂપો ધારણ કર્યાં !

હે વહાલા સંતો-ભક્તો ! દક્ષિણ ખંડ તરફ અર્થાત્ હરિકૃષ્ણ મહારાજની બાજુના ખંડમાં 'સુખશૈયા'ની સ્થાપના કરી. તેમજ મંદિરની પૂર્વ દિશાના મોટા દરવાજાની બાજુમાં ગણપતિ દાદા તથા હનુમાનજી દાદાની સ્થાપના કરી. એ સિવાય ગણેશજીના ઉપરના ભાગે નાના એવા મહાદેવ અને પાર્વતીમાતાની સ્થાપના કરી. અર્થાત્ શિવ અને પાર્વતી સાથેની મૂર્તિઓ ગણીએ તો કુલ ૧૮ (અઢાર) મૂર્તિઓની શ્રીહરિ દ્વારા સ્થાપના થઈ.

હે વહાલા વાચકો ! ત્યાર પછી સ્વામિનારાયણ ભગવાને એક સાથે અગ્યાર (૧૧) સ્વરૂપો ધારણ કરી એક સાથે અઢાર મૂર્તિઓની પ્રતિષ્ઠાની આરતી ઉતારી !! અર્થાત્ ત્રણ શિખરના ખંડોમાં ત્રણ રૂપ ધારણ કરી આઠ સ્વરૂપોની આરતી ઉતારી. છ નાના શિખરના ખંડના છ દેવો આગળ છ રૂપો ધારણ કરી આરતી ઉતારી અને ગણપતિ અને હનુમાનજીનાં બે સ્થાનોમાં બે રૂપ ધારણ કરી ચાર દેવોની આરતી ઉતારી. કારણ કે ગણપતિની મૂર્તિ સાથે જ

શિવ-પાર્વતીની મૂર્તિ જોડાયેલી છે. આ પ્રસંગની નોંધ શ્રી હરિલીલામૃત ગ્રંથના આઠમા કળશના ૨૮માં વિશ્રામની ૧૬-૧૭મી કડીમાં લેવામાં આવેલ છે.

હે ભક્તો ! સંવત્ ૧૮૮૧ કારતક સુદ બારસ ને બુધવાર તારીખ ૩/૧૧/૧૮૨૪ના દિવસે સવારે પ્રથમ પ્રહરમાં એટલે કે ૬ થી ૯ વચ્ચેના સમયમાં સ્વામિનારાયણ ભગવાને એક સાથે ૧૧ રૂપ ધારણ કરી ૧૧ સ્થાનોમાં એક સાથે મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી.



# ૪૧ અક્ષરાનંદ સ્વામીને મહંત બનાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! વડતાલ ગામમાં પ્રગટ પ્રભુ શ્રીહરિએ પોતાનું સ્વરૂપ પધરાવ્યું અને એનો મહિમા કહ્યો તેમજ લક્ષ્મીનારાયણદેવ પણ પધરાવીને તેમનો પણ મહિમા કહી વડતાલ ગામને વડતાલધામ બનાવી હજારો ને લાખોની જન-મેદનીમાં સ્વયં શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવી પોતે પહેરેલ ગુલાબનો હાર સ્વામીના ગળામાં પહેરાવી સભામાં ઉચ્ચ અવાજે કહેવા લાગ્યા.... હે સંતો-હરિભક્તો ! વડતાલ મંદિર કરવાની જવાબદારી અમોએ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને સોંપી હતી, તેઓએ જ નવ શિખરનું વિશાળ મંદિર બાંધવાનું શરૂ કર્યું હતું, પરંતુ અમારી સાથે કીર્તનો બોલવા માટે તેમજ નવાં નવાં કીર્તનોની રચના કરવા માટે અમો તેમને ગઢપુર લઈ ગયા....

પછી અધુરા રહેલ મંદિરની જવાબદારી પૂર્ણ કરવા માટે અમોએ મંદિરની સંપૂર્ણ જવાબદારી આ અક્ષરાનંદ સ્વામીને સોંપી હતી. તેથી તેમણે પણ અમારી આજ્ઞા માની વડતાલનું આ મંદિર સરસ રીતે પૂર્ણ કર્યું, તેના કારણે અમો એમના ઉપર અતિશય રાજી થયા છીએ, એટલા માટે આજથી અક્ષરાનંદ સ્વામીને અમે કાયમ માટે વડતાલધામના મહંત બનાવીએ છીએ.

## ૪૨ અક્ષરાનંદ સ્વામીને ભલામણ

હે વહાલા સંતો-ભક્તો ! વડતાલધામમાં દેવોની પ્રતિષ્ઠા કર્યા પછી અક્ષરાનંદ સ્વામીને મહંત બનાવ્યા અને સમૈયો પૂરો થતાં સુરત જવાની તૈયારી કરી મહંત સ્વામી અક્ષરાનંદ સ્વામીને બોલાવી મહાપ્રભુ શ્રીહરિએ તેમને કહ્યું :

**(ઉપજાતિ)**

"શ્રી અક્ષરાનંદ મુનીંદ્ર પાસ, પ્રભુજીએ વેણ કર્યું પ્રકાશ;
આ ધામથી ઉત્તર માંહિ જ્યાંય, આંબા ઘણા બેઠક છે તહાય.
છે ધારુ નામે સર જેહ છોટું, ખોદાવીને તે કરજો જ મોટું;
બોલ્યા મુનિજી નમિ તેહ ટાણે, કરાવીશું નાથ કહ્યા પ્રમાણે."

(હ.મૃત ક.૮/૩૦)

"હે અક્ષરાનંદ સ્વામી ! વડતાલધામના મંદિરથી ઉત્તર દિશા તરફ ઘણાં આંબાનાં ઝાડ છે, એના કિનારે એક નાનું એવું તળાવ છે, તે તળાવને ખોદાવી મોટું કરાવજો." પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં સ્વામીએ કહ્યું : "હે મહારાજ !

આપની ઈચ્છા પ્રમાણે જ ધારું તળાવને ઊંડું અને મોટું કરાવીશું.''

હે ભક્તો ! આ પ્રમાણે ભલામણ કરી શ્રીહરિ ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે સંવત્ ૧૮૮૧ કારતક વદ સાતમ ને શનિવારે સુરત શહેર પધાર્યા. ત્યાં અગ્યાર (૧૧) દિવસ રોકાઈ સૌ ભક્તોનાં ઘેર ઘેર પધરામણી કરી માગશર વદ બીજના દિવસે સુરતથી રવાના થઈ અનેક ગામડાંઓમાં જઈ હરિભક્તોને દર્શન દેતાં દેતાં ગઢપુર પધાર્યા.



## ૪૩ ધારુ તળાવ ઊંડું કરાવ્યું - મોટું કરાવ્યું

અક્ષરાનંદને મહારાજે, કહેલું સર ખોદવા કાજે;
પછી ખોદાવા માંડ્યું તળાવ, ભક્તિ કરવામાં સૌનો છે ભાવ.
મંડ્યા સંત તથા સતસંગી, તેહ કામમાં મમતે ઉમંગી;
ખેડુતો સરમાં હળ હાંકે, કામ કરતાં તે કોઈ ન થાકે.
ટોપલા ભરી જન લઈ જાય, મુખે કૃષ્ણનાં કીર્તન ગાય;
પરગામના હરિજન જેહ, ભક્તિ કરવાને આવિયા તેહ.
કૈક અક્ષરધામના મુક્ત, આવિ કામ કરે પ્રીતિ યુક્ત;
એવી ભક્તિ કરી એહ ટાણે, ધન્ય ભાગ્ય પોતા તણાં જાણે.
ચાલ્યું કામ ઘણું તડામાર, માસ બેમાં તો કીધું તૈયાર;
પછી અક્ષરાનંદ મુનીશે, પત્ર મોકલ્યો શ્રીહરિ દીશે.
લખ્યું તે પત્રમાંહિ સુજાણે, પ્રભુ આપની આજ્ઞા પ્રમાણે;
સર ખોદાવી કીધું તૈયાર, હતા જન તો હજારોહજાર.
આપ કેરી પ્રસન્નતા કાજ, કામ કરતો'તો સુરનો સમાજ;

એવો પત્ર લઈ જન ગયો, હરિ આગળ હાજર થયો.
પત્ર આપ્યો કરીને પ્રણામ, વાંચી રાજી થયા ઘનશ્યામ;
વાલે ઉત્તર એનો લખાવ્યો, તેમાં રાજિપો ખૂબ જણાવ્યો.
વળિ એવું લખાવ્યું એમાંય, તમે દીઠા ચમત્કાર ત્યાંય;
એવા તો હજી બીજા અપાર, તહાં થનાર છે ચમત્કાર.
વાંચ્યો પત્ર ને અક્ષરાનંદે, મન મગ્ન થયું તે આનંદે;
(હ. મૃત. ક. ૮ વિ. ૩૬)



## ૪૪ શ્રીહરિએ ધારુ તળાવ વધારે ઊંડું કરાવ્યું

હે વહાલા સંતો-ભક્તો ! જ્યારે વડતાલથી પ્રતિષ્ઠા કરીને પ્રગટ પ્રભુ શ્રીહરિ વિદાય થયા ત્યારે ધારુ તળાવ પહોળું અને ઊંડું કરાવવાનું વડતાલધામના મહંત અક્ષરાનંદ સ્વામીને કહીને ગયેલા. તેથી સ્વામીએ ચરોતરનાં નરનારીઓને ગામડાંઓમાંથી બોલાવીને ધારુ તળાવ મોટું અને ઊંડું કરાવ્યું. એ સમયે શ્રીહરિ ફરીને પાછા વડતાલધામ પધાર્યા અને દેવોનાં દર્શન કરી તુરંત જ ધારુ તળાવ જોવા પધાર્યા. ત્યાં આંબાનાં ઘણાં વૃક્ષો હતાં. તેની નીચે સિંહાસન ઉપર બેઠા અને ધારુ તળાવનું નિરીક્ષણ કરવા લાગ્યા.

**(ઉપજાતિ)**

"શ્રી અક્ષરાનંદ મુનીંદ્ર જેહ, ખોદાવીયું ખૂબ તળાવ તેહ;
નિહાળીને રાજી થયા દયાળ, કહે પ્રભુજી વળી તેહ કાળ.
આ ખોદવાનું હજી છે અધુરું, હવે કરાવો મુનિ તેહ પૂરું;
માંડ્યું મુનિએ સુણીને કરાવા, મહાપ્રભુને મુદ ઉપજાવા.

પછી પ્રભુ મંદિર સંચરીને, બેઠા સુશોભીત સભા ભરીને;
બોલ્યા હરિ હાથ ઊંચા કરીને, સુણો તમે સ્વસ્થ ચિત્તે ઠરીને.
શ્રી દ્વારિકાધીશ પ્રસન્ન થૈને, આવ્યા અહીં સર્વ સમાજ લૈને;
સદા અહીં તે કરશે નિવાસ, પ્રતાપ પૂરો કરશે પ્રકાશ.
કહે જનો સત્ય કહી કથા તે, અમે કર્યાં દર્શન આજ રાતે;
તેનો અમે મર્મ કશો ન જાણ્યો, ભલે પ્રભુ શ્રીમુખથી વખાણ્યો.''
(હ. મૃત ક. ૮ વિ. ૪૪)



# ૪૫ રણછોડરાય સાથે ગોમતીજી વડતાલમાં

હે વહાલા સંતો-ભક્તો ! મહાપ્રભુ શ્રીહરિએ ધારુ તળાવનું નિરીક્ષણ કર્યા બાદ વડતાલના મહંતશ્રી અક્ષરાનંદ સ્વામીને કહ્યું : “તમોએ તળાવ મોટું કરાવ્યું છે, એ જોઈને અમો બહુ રાજી થયા છીએ, પરંતુ હજુ કામ બાકી છે, તેથી તેને જલદી ખોદાવી તળાવ તૈયાર કરો, કેમ કે દ્વારિકાથી રણછોડરાય દિવ્યરૂપે વડતાલમાં પધાર્યા છે, તેઓની સાથે ગોમતી વગેરે ત્યાંનાં તીર્થો પણ વડતાલમાં નિવાસ કરવા આવ્યાં છે.”

પ્રગટ પ્રભુની આવી વાત સાંભળી અક્ષરાનંદ સ્વામીએ ધારુ તળાવ ખોદાવવાનું અધુરું રહેલું કામ ઝડપથી શરુ કરાવ્યું અને ઉતાવળ કરી પૂર્ણ પણ કરાવ્યું. તેમાં પણ હાલમાં ગોમતીજીમાં કૂવો છે તે સ્થાને શ્રીહરિએ ઊંડી વાવ જેવો મોટો ઊંડો ખાડો કરાવ્યો.

હે ભક્તો ! ત્યાં તો ફાગણ વદ પડવાનો દિવસ આવ્યો એટલે શ્રીહરિ વહેલાં ઊઠી નિત્યવિધિ કરી અક્ષરાનંદ સ્વામી તેમજ સંતો-ભક્તો અને

બ્રાહ્મણોને લઈ ધારુ તળાવ પધાર્યા. તે દિવસ નરનારાયણ જયંતીનો હતો. અર્થાત્ પુષ્પદોલોત્સવનો હતો. સૌનાં મુખ પર આનંદ વર્તાતો હતો. ઉત્સવ-પર્વ હોવાથી તેમજ ગોમતીજી પ્રગટ થવાના હોવાથી ચારે તરફ ઉત્સવીયા લોકો વાજિંત્રો વગાડી રહ્યા હતા. હજારોની સંખ્યામાં ભેગા થયેલા હરિભક્તો સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર કરી રહ્યા હતા.



# ૪૬ ધારુ તળાવમાં ગોમતીજી પ્રગટ થયાં

**(ઉપજાતિ)**

"જ્યાં વાવ્ય આકાર ખણેલ સારો, ઊભા તહાં જૈ વૃષનો દુલારો;
છે ખોદતા ત્યાં વળિ કૈક પાળા, કોદાળી આદિ લઈ પ્રેમવાળા.
તેમાં હતા પાર્ષદ ભીમભાઈ, તેને કહે શ્રીહરિ સુખદાઈ;
તમે ખણો આ સ્થળ એકવાર, થશે તહાંથી જળ કેરી ધાર.
આજ્ઞા પ્રમાણે કર્યું એમ જ્યારે, જોરેથી છૂટી જળધાર ત્યારે;
જાણે તહાંથી થઈ બાણગંગા, પ્રભુ પ્રસન્નાર્થ પવિત્ર અંગા.
દેખાઈ ત્યાં ગોમતી મૂર્તિમાન, અત્યંત તે તેજ તણું નિધાન;
ગોપાળજી ને વળિ નંદરામ, મળી કર્યું પૂજન તેહ ઠામ."

(હ.મૃત.ક. ૮, વિ. ૪૪)

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિ ધારુ તળાવની અંદર ગયા

અને જ્યાં વાવ આકારનો ઊંડો ખાડો ખોદેલ હતો, તેની ઉપર કાંઠે ઊભા રહીને પાર્ષદ ભીમભાઈને કહેવા લાગ્યા : “તમે આ ખાડાની અંદર ઉતરો અને ખાડાની વચ્ચે ત્રિકમથી ખોદો એટલે ત્યાંથી ગોમતીજી જળની ધારારૂપે પ્રગટ થશે !”

મહાપ્રભુ શ્રીહરિની આજ્ઞા થતાં જ તુરંત ભીમભાઈ ખાડાની અંદર ઊતર્યા અને ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર કરી હાથમાં રહેલા ત્રિકમનો જોરથી ઘા કર્યો ત્યાં તો પરમ આશ્ચર્ય થયું ! પૃથ્વીની અંદરથી પાણીના ધોધરૂપે ગોમતીજી બહાર આવ્યા ! કાંઠે ઊભેલા સૌ કોઈ પલળી ગયા. જળરૂપે રહેલા ગોમતીજીએ શ્રીહરિનો પણ અભિષેક કરી લીધો ! પછી મૂર્તિમાન થઈ સૌને દર્શન આપ્યાં. તે જોઈને સૌ સંતો-ભક્તો ગોમતી મૈયાનો અને દ્વારિકાધીશનો જયજયકાર કરવા લાગ્યા.



## ૪૭ શ્રીહરિએ ગોમતી સરોવર નામ પાડ્યું

હે વહાલા સંતો-ભક્તો ! થોડીવાર ગોમતીજીએ સ્ત્રીરૂપે અર્થાત્ મૂર્તિમાનરૂપે સૌ કોઈને તેજની અંદર દર્શન દીધાં અને પ્રગટ પ્રભુ શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના કરી નમસ્કાર કરી અદૃશ્ય થઈ ગયા અને જળરૂપે થઈ તળાવમાં વહેવાં લાગ્યા.

પછી શ્રીહરિ તળાવમાંથી બહાર નીકળી કાંઠે આવી સિંહાસન ઉપર બિરાજમાન થયા એટલે સંતો-ભક્તો પણ ત્યાં આવી સભાના રૂપમાં બેસી ગયા. બહેનો પણ પોતાની મર્યાદા પ્રમાણે બેસી પ્રભુનાં દર્શન કરવાં લાગ્યાં.

ત્યારબાદ શ્રીહરિ સૌને કહેવા લાગ્યા : "હે સંતો-ભક્તો ! બધા એકાગ્ર થઈને સાંભળો. અત્યાર સુધી આ તળાવનું નામ ધારુ તળાવ હતું, પરંતુ આજે અર્થાત્ સંવત્ ૧૮૮૧ના ફાગણ વદ પડવાને દિવસે આ તળાવમાં ગોમતીજી જળરૂપે પધાર્યા છે, માટે જ આજથી આ ધારુ તળાવનું નામ બદલીને અમે આનું નામ 'ગોમતી સરોવર' રાખીએ છીએ. હવેથી કોઈએ ધારુ તળાવ કહેવું નહિ."

**(ઉપજાતિ)**

"આવ્યા જુઓ ગોમતી એહ ઠામ, તો ગોમતી આ સર કેરું નામ;
જે આવિને આ સરમાં નહાશે, તો ગોમતી તીર્થનું પુણ્ય થાશે.
વૃત્તાલ દ્વારામતિથી વિશેષ, છે લક્ષ્મીનારાયણ દ્વારિકેશ;
આ ગોમતી ઉત્તમ તીર્થદેવી, આંહિ જ શંખાદિક છાપ લેવી.
તે તપ્તમુદ્રા અહીં આવી લેશે, દૂરે ડરીને જમડા રહેશે;
તેને જ સત્સંગી ગણીશ મારો, માટે તમે સૌ જન છાપ ધારો."

(કળશ : ૮ વિ. ૪૪)



## ૪૮ ગોમતીજીનો તથા છાપોનો મહિમા

હે વહાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિજી ગોમતીજીના કાંઠે બેસીને સંતો-ભક્તોને કહેવા લાગ્યા : “હે મારા આશ્રિતો ! આ ગોમતી સરોવરમાં જે સ્નાન કરશે તેને દ્વારિકામાં રહેલાં ગોમતી નદીમાં સ્નાન કર્યા સમાન પુણ્ય મળશે ! તેમજ અમે પધરાવેલ લક્ષ્મીનારાયણદેવનાં જે લોકો મહિમાથી-ભાવથી દર્શન કરશે, તેને પણ દ્વારિકા જઈને રણછોડરાયનાં દર્શન કરે અને જે ફળ મળે એટલું જ પુણ્ય એને પણ મળશે...”

વળી ગોમતીજી દ્વારિકાધીશ સાથે વડતાલ પધાર્યા છે, તેથી શંખ-ચક્ર-ગદા અને પદ્મની છાપો પણ દરેક સ્ત્રી-પુરુષોએ અહીંયા જ લેવી. જે લોકો વડતાલધામ આવીને તપ્તમુદ્રા છાપો લેશે, તેનાથી યમદૂતો ગભરાઈને દૂર જ રહેશે, માટે સૌ સંતો-ભક્તોએ અવશ્યપણે છાપો લેવી. વળી સાંભળો....

**(ઉપજાતિ)**

“તેને જ સત્સંગી ગણીશ મારો, માટે તમે સૌ જન છાપ ધારો.
હુતાશનીની પડવે પ્રમાણો, તે ગોમતીનો દિન જન્મ જાણો;

તે વાસરે જે જન આંહિ આવે, પૂજા કરી ઉત્સવને કરાવે.
સંતો તથા બ્રાહ્મણને જમાડે, તે પૂર્વનાં પાપ બધાં મટાડે;
પુત્રાદિ પામે ધન ધાન્ય પામે, અંતે વસે અક્ષર નામ ધામે.
વૈકુંઠવર્ણી બટુ વાસુદેવ, તેને કહે શ્રીહરિ તર્તખેવ;
આપો તમે સૌ નર અંગ છાપ, જેથી ટળે ચિત્ત તણા ઉતાપ.
ગંગાખ્ય માતા હરિભક્ત બાઈ, તેને કહે શ્રીહરિ સુખદાઈ;
દાદા દવેની જમના તનૂજા, છાપો તમે બાઇ જનોની ભૂજા.''

(હ. મૃત : ક. ૮ વિ. ૪૪)



## ૪૯ સ્ત્રીઓ અને પુરુષોને છાપો લેવાની આજ્ઞા

હે વહાલા સંતો-ભક્તો ! મહાપ્રભુ શ્રીહરિ કહેવા લાગ્યા : “જે નર-નારીઓ વડતાલમાં આવી તપાવેલી છાપો લેશે, તેમને જ હું મારા સત્સંગી માનીશ ! આજના દિવસે એટલે કે ફાગણ વદ પડવા (ફૂલદોલોત્સવ)ને દિવસે જે સ્ત્રી-પુરુષો વડતાલમાં આવી ગોમતીજીમાં સ્નાન કરશે, દાન કરશે, સંતો અને બ્રાહ્મણોને જમાડશે, તેનાં પૂર્વજન્મનાં કરેલાં પાપનો નાશ થઈ જશે. તથા ધન અને પુત્ર વગેરેની પ્રાપ્તિ થશે.”

ત્યાર પછી શ્રીહરિ બ્રહ્મચારી વૈકુંઠાનંદજી તેમજ વાસુદેવાનંદજીને કહેવા લાગ્યા : “હે વર્ણીઓ ! તમે બંને આપણા સંપ્રદાયના સંતો-પાર્ષદો અને દરેક નાના-મોટા સત્સંગીઓને શંખ-ચક્ર-ગદા અને પદ્મની છાપો તપાવીને બંને હાથના મૂળમાં અર્થાત્ ખંભાની નીચેના ભાગમાં આપજો.”

પછી શ્રીહરિ ઊભા થઈને બહેનોની સભા પાસે જઈને જેતલપુરનાં ગંગામા તથા વસો ગામના દાદાભાઈ દવેનાં દીકરી જમનાબાઈ આ બંને બ્રાહ્મણ બહેનોને

કહેવા લાગ્યા : ''તમે બંને ભક્તો આપણા સંપ્રદાયની દરેક બહેનોને છાપો આપજો. આ છાપો સધવા-વિધવા કર્મયોગી કે સાંખ્યયોગી દરેક બહેનોને આપવી.''

હે વહાલા વાચક ભક્તો ! ઉપરોક્ત પ્રસંગની નોંધ 'શ્રી હરિલીલામૃત ગ્રંથના આઠમા કળશના ચુંમાલીશના વિશ્રામમાં લેવામાં આવેલ છે.'



## ૫૦ વડતાલધામમાં જ છાપો લેવાની આજ્ઞા

હે વહાલા સંતો-ભક્તો ! શ્રીહરિજી મહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વે અનુયાયીઓને ફરજિયાત શંખ-ચક્ર-ગદા અને પદ્મ આ ચાર આયુધોની લોખંડની તપાવેલ છાપો લેવાનું કહ્યું, એ સાંભળીને બ્રહ્મચારી વાસુદેવાનંદ વર્ણીએ કહ્યું : ‘‘હે મહારાજ ! સર્વે નરનારીઓને તમે છાપો લેવાનું કહ્યું છે, તેથી દરેક વ્યક્તિ વડતાલધામ આવીને છાપો લેશે તો અહીંયા વડતાલના બ્રહ્મચારીઓને બહુ મુશ્કેલી પડશે, કારણ કે સત્સંગમાં તો લાખો હરિભક્તોની સંખ્યા છે; માટે સૌને સુગમ પડે એ માટે દરેક મંદિરોમાં છાપો લેવાની છૂટ આપો એટલે ધક્કા-મુક્કી ન થાય અને દૂરના હરિભક્તોને વડતાલ આવવું ન પડે.’’

હે ભક્તો ! વાસુદેવાનંદ બ્રહ્મચારીની વાત સાંભળી પ્રગટ પ્રભુએ સ્પષ્ટ ના કહી દીધી ! કારણ કે દ્વારિકાધીશ હોય ત્યાં જ છાપો લેવાની હોય, ગોમતીજી હોય ત્યાં જ છાપો લઈ શકાય. આ પ્રસંગની નોંધ પણ હરિલીલામૃતના આઠમા કળશમાં લેવામાં આવેલ છે, તે જોઈએ એ ગ્રંથના જ શબ્દોમાં....

"કહે હરિ એમ કદી ન થાય, જ્યાં જે ક્રિયા યોગ્ય તહાં કરાય.
જ્યાં દ્વારિકા ગોમતી તીર્થ જ્યાં છે, છાપો તણો તો અધિકાર ત્યાં છે;
જે મારી આજ્ઞા જ વિષે રહેશે, તે આવીને છાપ અહીં જ લેશે.
તેને જ હું ભક્ત ગણીશ મારો, એ રીત બોલ્યા વૃષનો દુલારો;"

(કળશ : ૮ વિશ્રામ : ૪૪)



# ૫૧ રણછોડરાયની મૂર્તિ લાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! ગોમતીજીનાં પ્રાગટ્ય બાદ પ્રગટ પ્રભુ શ્રીહરિ વડતાલધામમાં રોકાયા હતા. ત્યારે દરરોજ કથા-વાર્તા થતી, તેના કારણે વડતાલની આજુબાજુ રહેલાં ગામડાંઓમાંથી સત્સંગીઓ વડતાલ આવી શ્રીહરિનાં દર્શન કરી કથા-વાર્તાનો બહુ લાભ લેતા હતા. એવામાં એક દિવસ શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામભાઈના સુપુત્ર ગોપાળજીએ શ્રીહરિને વિનંતી કરી : ‘‘હે મહારાજ ! દ્વારિકામાં તો શ્રીકૃષ્ણની મૂર્તિ શ્યામ છે અને અહીં વડતાલધામમાં તો નારાયણની મૂર્તિ શ્વેત છે. હે પ્રભુ ! આપશ્રી તો કહો છો કે, દ્વારિકાધીશ કાયમ માટે વડતાલમાં આવી નારાયણની મૂર્તિમાં નિવાસ કરીને રહ્યા છે. પરંતુ નારાયણની મૂર્તિ તો સફેદ છે, તેથી લોકોને વિશ્વાસ નહીં આવે કે આ દ્વારિકાધીશ રણછોડરાય છે, માટે આપશ્રી રણછોડરાયની શ્યામમૂર્તિ પધરાવો તો સારું.’’

હે ભક્તો ! ગોપાળજીની વાત શ્રીહરિને ગમી, તેથી રણછોડરાયની નવી મૂર્તિ લાવવાની હા કહી. પછી ગોપાળજી ડુંગરપુર ગયા અને શ્યામ પથ્થરની શોધ કરી રણછોડરાયની વિશાળ મૂર્તિ કરાવી વડતાલધામમાં લાવ્યા. પછી તે શુભ સમાચાર શ્રીહરિને આપવા માટે ગોપાળજીભાઈ ગઢપુર આવ્યા.

## ૫૨ રણછોડરાયની પ્રતિષ્ઠા

હે વહાલા સંતો-ભક્તો ! સંવત્ ૧૮૮૬ની સાલમાં મહાપ્રભુ શ્રીહરિજીએ ગઢડામાં મંદવાડ ગ્રહણ કર્યો હતો. મનુષ્ય લીલા કરતા હોવાથી શ્રીહરિ સામાન્ય મનુષ્યની જેમ જ બીમાર થયા હતા. એ સમયે વડતાલધામથી ગોપાળજી ગઢપુર આવ્યા અને શ્રીહરિને દંડવત-પ્રણામ કરી રણછોડરાયની પ્રતિષ્ઠા બાબત વાત કરી.

ગોપાળજીની વાત સાંભળી પ્રગટ પ્રભુ શ્રીહરિજી કહેવા લાગ્યા : “હે ગોપાળજી ! અમો તો વધારે બીમાર છીએ, તેથી વડતાલ પ્રતિષ્ઠા કરવા નહિ આવી શકીએ, તેથી તમો આચાર્ય શ્રી રઘુવીરજી પાસે પ્રતિષ્ઠાની આરતી કરાવજો.” ત્યારપછી શ્રીહરિએ ભગુજીને કહ્યું : “હે ભગુજી ! ઝડપથી ચાલી શકે એવો એક વેગવાન ઊંટ લઈ કોઈને વડતાલ મોકલો અને ત્યાં જઈ મહંત અક્ષરાનંદ સ્વામીને કહેવડાવો કે, રણછોડરાયની પ્રતિષ્ઠાની તૈયારી કરવા લાગે.” પછી ભગુજીએ કમાભાઈ અને વીરાભાઈ નામના બે પાર્ષદોને ઊંટ લઈ વડતાલ મોકલ્યા.

હે ભક્તો ! આ બંને પાર્ષદો વેગવાન ઊંટ ઉપર બેસી વડતાલ આવ્યા અને મહંત સ્વામી અક્ષરાનંદ સ્વામીને શ્રીહરિના સર્વે સમાચાર સંભળાવ્યા. સમાચાર સાંભળી તરત જ અક્ષરાનંદ સ્વામીએ તડામાર તૈયારીઓ શરુ કરી દીધી. પછી સંવત્ ૧૮૮૯ના ચૈત્રવદ સાતમને દિવસે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે વચ્ચેના શિખરમાં રણછોડરાય પધરાવી આરતી ઉતારી પ્રતિષ્ઠા કરી.



# ૫૩ આચાર્યશ્રીને સિગરામની ના પાડી !

હે વહાલા સંતો-ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણ મનુષ્ય-દેહનો ત્યાગ કરીને સ્વતંત્રપણે પોતાના અક્ષરધામમાં પધાર્યા ત્યાર પછીનો આ પ્રસંગ છે. આ પ્રસંગ સર્વે ત્યાગીઓ માટે પ્રેરણાદાયી છે, પરંતુ સત્તાધીશ ત્યાગીઓ માટે તો વિશેષ જીવન-ઉપયોગી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે મનુષ્ય દેહે પૃથ્વી પર હતા ત્યારે તેઓએ સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામીને વડતાલ મંદિરના આજીવન મહંત બનાવ્યા હતા; પરંતુ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીને બંને ગાદીના ઉપરી બનાવી સત્તાધીશોના પણ મોટેરા કર્યા હતા ! સ્વામી જ્યારે વડતાલમાં હતા ત્યારનો એક પ્રસંગ છે, તે હું વહાલા વાચકો માટે લખી રહ્યો છું.

એકવાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે મહંત અક્ષરાનંદ સ્વામીને ગાદીવાળા મેડે પોતાની પાસે બોલાવીને કહ્યું : ‘‘સ્વામી ! અમારે હમણાં એક સિગરામ જોઈએ છીએ.’’ (સિગરામ એટલે ઘોડાગાડી જેવું બળદ ગાડું) ત્યાં

તો એકદમ ઉતાવળથી બોલીને અક્ષરાનંદ સ્વામીએ તરત જ જવાબ આપી દીધો : “મહારાજશ્રી ! હમણાં બળદ નવરા નથી, ખેતીનાં કામમાં રોકાયેલા છે, માટે સિગરામની વ્યવસ્થા નહીં થાય.”

આ પ્રમાણે બોલી ઊભા થઈને તુરંત જતા રહ્યા. કોઈ સામાન્ય માણસને જવાબ આપે, એવો જવાબ આપી અક્ષરાનંદ સ્વામી જતા રહ્યા, એમાં એમની મહંતાઈનો મદ જણાઈ આવ્યો; એટલે રઘુવીરજી મહારાજે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીને સર્વે વાત કરી.




# ૫૪ મહંતને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા !

હે વહાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને આચાર્યશ્રીની વાત સાંભળી ખ્યાલ આવી ગયો કે, 'મહંત સ્વામીને સત્તાનો પાવર ચડી ગયો છે, તેથી ઉતારવો પડશે.' આવું મનોમન વિચારી સ્વામીએ પોતાના આસને અક્ષરાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''મહંત સ્વામી ! અમો શ્રીજી મહારાજને વચન આપ્યાં પ્રમાણે દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને કથા-વાર્તાનું સુખ આપવા જઈ રહ્યા છીએ, એટલે આ વર્ષે તમે પણ અમારી સાથે જૂનાગઢ આવો.''

ત્યાં તો જેમ રઘુવીરજી મહારાજને આકળા થઈને જવાબ આપ્યો હતો એ જ રીતે અક્ષરાનંદ સ્વામીએ યોગનિધિ ગોપાળાનંદ સ્વામીને જવાબ આપતા કહ્યું : ''અરે ! સ્વામીજી ! કેવી વાત કરો છો તમે ? હું કાંઈ થોડો નવરો છું ? મારા માથે આખા મંદિરની જવાબદારી છે, તેથી હું તમારી સાથે જૂનાગઢ કેવી રીતે આવી શકું ? એટલા માટે તમે મારી બદલીમાં કોઈ બીજા સંતને લઈ જજો.''

હે ભક્તો ! આ પ્રમાણે જવાબ આપીને જવા માટે ઊભા થયા એટલે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ પણ થોડા ઊંચા અવાજે કહ્યું : "મહંતજી ! મંદિરનું કામ એક મહિના માટે બીજા સંતને સોંપી દો. પરંતુ જૂનાગઢ તો તમારે અમારી સાથે આવવું જ પડશે, એમાં તમારી ઈચ્છા હોય કે ન હોય, પણ આવ્યા વિના ચાલશે નહિ, આ અમારી આજ્ઞા છે."



# ૫૫ અક્ષરાનંદ સ્વામીએ માફી માગી !

હે વહાલા સંતો-ભક્તો ! વડતાલધામમાં મહંત અક્ષરાનંદ સ્વામીની ગોપાળાનંદ સ્વામી સાથે જૂનાગઢ જવાની બિલકુલ ઈચ્છા ન હતી, પરંતુ સ્વામીનો આદેશ થયો એટલે બીજા સંતને વડતાલનો વહીવટ સોંપીને જૂનાગઢ ગયા.

અક્ષરાનંદ સ્વામીના મનમાં એવું હતું કે, ‘‘વડતાલ મંદિરનો રણીધણી (કર્તાહર્તા-માલિક) કેવળ હું જ છું અને આચાર્ય તેમજ સંતો તે તો મારી આગળ શી ગણતીમાં ? મને તો સ્વયં સ્વામિનારાયણ ભગવાને મહંતાઈ આપી છે.’’ પરંતુ સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીની સત્તાવાહી આજ્ઞા થઈ એટલે મને કમને સ્વામી સાથે જૂનાગઢ ગયા.

હે ભક્તો ! જૂનાગઢ પધાર્યા પછી પૂજ્યપાદ ગોપાળાનંદ સ્વામીએ એવી કથા-વાર્તા શરુ કરી કે બુભુક્ષુ મુમુક્ષુઓ બની ગયા અને મુમુક્ષુ સાધુ-સંતો મુક્તની સ્થિતિ પામી ગયા ! ‘મુમુક્ષુઓ સંસારનો ત્યાગ કરીને સાધુ થાય છે, ત્યારે કલ્યાણનો કેટલો બધો ખપ હોય છે અને પછી ગુરુ થાય, સદ્‌ગુરુ થાય

કે હાથમાં સત્તા આવે ત્યારે જો ગાફલાઈ રાખે તો મુમુક્ષુતા ખોવાઈ જાય છે.'

આ પ્રકારની ત્યાગીઓના ધર્મની કથા-વાર્તા કરી, એ સાંભળીને વડતાલના મહંત અક્ષરાનંદ સ્વામીના મનમાં જે અહંકાર આવી ગયો હતો એ ઓગળી ગયો ! તેમને પોતાની ભૂલ સમજાઈ ગઈ. પછી જ્યારે વડતાલ આવતા રસ્તામાં ભીમનાથ પાસે પોલારપર ગામમાં સૌ સંતો રાત્રી રોકાયા ત્યારે અક્ષરાનંદ સ્વામી સવારે ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને દંડવત્ પ્રણામ કરી માફી માગી, પોતાની ભૂલ માફ કરવા વિનંતી કરીને કહ્યું : "હે સ્વામીજી ! તમે જો મને ન મળ્યા હોત તો મારામાં કસર રહી જાત."



# ૫૬ અક્ષરાનંદ સ્વામીને સૌનો રાજીપો મળ્યો

હે વહાલા સંતો-ભક્તો ! જૂનાગઢથી વડતાલ આવ્યા પછી તો મહંત સ્વામી અક્ષરાનંદ સ્વામીનો જીવન-પલટો થઈ ગયો. સૌ પ્રથમ તો તેઓએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે જઈ દંડવત્ કરી માફી માગી, ફરીને આવી ભૂલ નહિ થાય એવી ખાતરી આપી. પછી તેમના દ્વારા જે જે સંતોના અપમાન થયા હતા એમની પાસે જઈને પણ માફી માગી હળવા થઈ ગયા.

મહંત સ્વામીનું કથા-વાર્તા સાંભળી જીવન બદલાઈ ગયું એટલે ઘણા સંતો કથા સાંભળવા ન જતા હતા, તેઓ કથા સાંભળવા નિયમિત જવા લાગ્યા. એના કારણે એના જીવનમાં પણ મુમુક્ષુતા જાગ્રત થઈ તેથી ભજન-ભક્તિ કરવા લાગ્યા તેમજ ધર્મ-નિયમોનું પણ દઢતાથી પાલન કરવા લાગ્યા.

હે વહાલા વાચકો ! પછી તો અક્ષરાનંદ સ્વામી દરરોજ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી પાસે જઈને કથા-વાર્તા સાંભળી એમનો સમાગમ કરવા લાગ્યા અને સૌ સંતો-ભક્તો અને આચાર્ય મહારાજને રાજી કરવા લાગ્યા.

વડતાલધામના મહંત સ્વામીનું જીવન-પરિવર્તન સાંભળી આખા સંપ્રદાયમાં ગોપાળાનંદ સ્વામીની પ્રશંસા થવા લાગી તેમજ અક્ષરાનંદ સ્વામીની મુમુક્ષુતાના પણ ચારેબાજુ ગુણગાન ગવાવા લાગ્યા.

# ૫૭ અક્ષરાનંદ સ્વામીનો પ્રશ્ન...

હે વહાલા સંતો-ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી પાસે અક્ષરાનંદ સ્વામી સત્સંગ કરવા જતા હતા. એની નોંધ પરમ ચૈતન્યાનંદ સ્વામીએ પણ લીધેલ છે. 'સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતો'માં ત્રીજા પ્રકરણની અઢારમી વાતમાં વડતાલના મહંતનો પ્રશ્ન છે, તેનું વાંચન કરીએ :

અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'અંતઃકરણ ને આત્મા એ બેના વચ્ચે જે વિચાર રહે છે તે વિચાર કેનો સમજવો ?' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, "એ વિચાર છે તે આત્માનો નથી ને અંતઃકરણનો પણ નથી. એ વિચાર તો સત્શાસ્ત્ર ને સત્પુરુષનો છે. તે જ્યારે મુમુક્ષુ પ્રથમ સત્પુરુષનાં મુખ થકી અને સત્શાસ્ત્રમાંથી વિચારને શીખે છે ને પછી તે વિચારને ઈન્દ્રિયું દ્વારે કરીને અંતઃકરણમાં ઉતારે છે....

હવે તે વિચાર શું ? તો દેહ છે તે નાશવંત છે, દુઃખરૂપ છે ને વિકારવાન છે તથા દેહનાં જે સગાં-સંબંધી અને પદાર્થ તે પણ નાશવંત છે

અને જે આત્મા છે તે અચ્છેદ્ય, અજર, અમર, સત્તારૂપ ને સુખરૂપ છે. તથા સનાતન ને પરિણામે રહિત છે. એવો જે જડ ચૈતન્યનો વિચાર તે સત્પુરુષ ને સત્શાસ્ત્રનો છે....

તે વિચાર અંતઃકરણ અને આત્મા એ બેના મધ્યમાં રહ્યો થકો દેહ અને જીવ એ બેયને નોખા રાખે છે. તે દેહના ભાવ આત્માને વિષે ભળવા દેતો નથી ને આત્માના ભાવ દેહ ભેળા ભળવા દેતો નથી.''



# ૫૮ અક્ષરાનંદ સ્વામીનો બીજો પ્રશ્ન...

હે વહાલા સંતો-ભક્તો ! અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે, “જીવમાં કામાદિક સ્વભાવ છે તે અનાદિ છે કે સંગે કરીને પણ આવે છે ?” ત્યારે સ્વામીએ (ગોપાળાનંદ સ્વામીએ) કહ્યું જે, “એ સ્વભાવ કેટલાકને તો અનાદિના હોય છે ને કેટલાકને સંગે કરીને પણ આવે છે. તેમાં જે પૂર્વેનો સ્વભાવ હોય તે તો બાળપણમાંથી જ જણાય છે.

તે કેમ ? તો જેમ બે નાનાં છોકરાં હોય તેમાં એકને તો નાનો હોય ત્યારથી જ તેમાં ક્રોધ-લોભ-માન, સ્વાદ, સ્નેહ, કામ, મત્સર અને દંભ ઈત્યાદિક દોષ હોય, ત્યારે જાણવું જે એ દોષ એનામાં પૂર્વના છે. ને એક નાનો હોય ત્યારે સાધુ સ્વભાવનો હોય ને પૂર્વે કહ્યા જે દોષ તે તેમાં હોય નહિ. ત્યારે એમ જાણવું જે એનામાં પૂર્વના ભુંડા સ્વભાવ નથી અને ભુંડો હોય તેને જો સારો સંગ મળે તો તે સારો થાય છે ને સારો હોય તેને જો ભુંડો સંગ મળે તો તે ભુંડો થાય છે.” (ગોપાળાનંદ સ્વામીની વાતો : પ્ર-૩/૨૭)

# ૫૯ અક્ષરાનંદ સ્વામીનો ત્રીજો પ્રશ્ન...

હે વહાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામીને વડતાલના મહંત અક્ષરાનંદ સ્વામીએ ત્રીજો પ્રશ્ન પણ પૂછેલ છે, એ પણ આપની આગળ રજુ કરું છું. સ્વામીના દરેક પ્રશ્નો આધ્યાત્મિક માર્ગમાં આગળ વધનારાઓએ જાણવા જેવા છે અને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ એના જે જવાબ આપ્યા છે, એ પણ આત્યંતિક કલ્યાણ માટે અને આત્યંતિક સમજણ માટે મુમુક્ષુઓને દીવાદાંડીરૂપ છે, માટે અવશ્ય સાંભળો. અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે, ‘‘સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે કેમ ઓળખ્યામાં આવે ?’’ ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, ‘‘જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે વિષયમાં ન લેવાય ને જેને સવિકલ્પ નિશ્ચય હોય તે તો વિષયનો ત્યાગ કરવા જાય તો પણ વિષયમાં એક રસ થઈ જાય...

ને નિર્વિકલ્પ નિશ્ચય જેને હોય તેને દેહ તથા દેહ સંબંધી પદાર્થ તથા દેહની શુશ્રુષા કરનારો એટલાને વિષે પ્રીતિ ન થાય ને સામો એમ જાણે જે, ‘રખે મારે એને વિષે હેત રહી જાય, ને જો લગારેક એને વિષે મારે હેત રહેશે તો મારે ભરતજીની પેઠે દેહ ધરવો પડશે.’ એમ જાણીને અતિશે બીતો રહે.... (ગો. વાતો પ્ર. ૩/૩૧)

## ૬૦ છાવણીમાં સેવા

હે વહાલા સંતો-ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાં પધાર્યા પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ કાયમ માટે રહેવા વડતાલ આવી ગયા હતા. વડતાલ ધામમાં રહીને સત્સંગનું પોષણ કરતાં કરતાં ઘણાં વર્ષો વ્યતીત થઈ ગયાં. એમ કરતા સંવત્ ૧૯૧૨ની સાલ આવી, ત્યારે આચાર્યશ્રીએ સદ્ગુરુઓને બોલાવ્યા.

**(ચોપાઈ)**

"એવું ધારીને ધર્મ નિવાસે, સદ્ગુરુઓને તેડાવ્યા પાસે;
અક્ષરાનંદ આદિક આવ્યા, રઘુવીરે વિચાર સુણાવ્યા."

(હ.મૃત ક. ૧૦ વિ. ૯)

હે ભક્તો ! આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે મનોમન વિચાર કરેલો કે, 'ચાતુર્માસમાં ચાર મહિનાની છાવણીનું આયોજન કરું અને દરેક મોટાં મંદિરોમાંથી સંતોને તેડાવું તેમજ ગામડાંઓમાંથી હરિભક્તો તેડાવું. સૌ

સંતો-ભક્તો સુખેથી ચાર મહિના સુધી ભજન-ભક્તિ કરી શકે એટલા માટે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની કથા કરાવું.'

આવું વિચારીને તેમણે વડતાલમાં રહેતા મોટા મોટા સદ્ગુરુ સંતોને બોલાવ્યા અને પોતાનો વિચાર જણાવ્યો. મહારાજશ્રીની આવી વાત સાંભળી મહંત સ્વામી અક્ષરાનંદ સ્વામી બહુ જ રાજી થયા અને સંતો-ભક્તોને ઉતારા આપવા, જમવાની સગવડ કરી આપવી વગેરે જવાબદારી પોતાની ઉપર લઈને આચાર્યશ્રીએ રાજી કરી લીધા.



## ૬૧ અક્ષરાનંદ સ્વામી ધામમાં પધાર્યા

હે વહાલા સંતો-ભક્તો ! ચાતુર્માસની કથાનું નક્કી કર્યું અને સારું મુહૂર્ત જોવા માટે ડભાણથી દયારામ જોશીને બોલાવ્યા. તેમણે પંચાંગ જોઈને કહ્યું : ‘‘હે મહારાજશ્રી ! સંવત્ ૧૯૧૨ના અષાઢ સુદ ચોથનું મુહૂર્ત સારું છે, તેથી તે દિવસે કથાની શરૂઆત કરાવો.’’

પછી આચાર્ય મહારાજે હાલમાં સંતોની ધર્મશાળા છે ત્યાં ચાર મહિમા સુધી સુખેથી કથાવાર્તા થાય એવું આયોજન કરાવ્યું અને સત્સંગિજીવનની કથાના વક્તા તરીકે ભોળાનાથ ભટ્ટની પસંદગી કરવામાં આવી. સમય જતાં અષાઢ સુદ ચોથનો દિવસ આવ્યો એટલે ભોળાનાથ ભટ્ટજીએ કથાની શરૂઆત કરી.

કથા પૂરી થાય એટલે મોટા મોટા સદ્‌ગુરુ કથાનું રહસ્ય સમજાવે અને સંતો-ભક્તોના ધર્મ-નિયમોની દૃઢતા કરાવે. આ પ્રમાણે ચાતુર્માસ પર્યંત કથા-વાર્તાની હેલી વરસી અને એનો લાભ હજારો સંતો-ભક્તોએ લીધો.

હે વહાલા વાચક ભક્તો ! આ છાવણીમાં મહંત અક્ષરાનંદ સ્વામીએ સર્વે પ્રકારે સેવા કરીને સૌનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ રીતે લક્ષ્મીનારાયણદેવની અને સત્સંગની સેવા કરતાં કરતાં સંવત્ ૧૯૧૯ની કારતક વદ એકાદશી

આવી. ત્યારે આચાર્ય મહારાજને તેમજ સંતો-ભક્તોને બોલાવીને કહ્યું : “હવે અમને લેવા માટે સ્વયં શ્રીજી મહારાજ મુક્તોને લઈને પધાર્યા છે, તેથી અમો ધામમાં જઈએ છીએ.” આ પ્રમાણે કહી સત્સંગની ભલામણ કરી સૌને જય શ્રી સ્વામિનારાયણ કહી વડતાલધામના મહંત સદાયને માટે શ્રીજીની સેવા કરવા માટે અક્ષરધામમાં પહોંચી ગયા.

હે ભક્તો ! આ વિરલ વિભૂતિનું જીવન અનેક મુમુક્ષુઓને પ્રેરણાનાં પીયૂષ પાય છે. તેમનું આ દિવ્ય જીવન આપણા જીવનને ઉજાળે એ જ અભ્યર્થના સાથે તેમના પાવનકારી ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે દંડવત પ્રણામ....

હે વ્હાલા વાચક સંતો-ભક્તો ! મેં વડતાલધામમાં આ પુસ્તકનું લેખનકાર્ય કરેલ છે. તેના ફળ સ્વરૂપે વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા વડતાલધામના સર્વે દેવો તેમજ આચાર્ય મહારાજશ્રી, સંતો-પાર્ષદો અને હરિભક્તો મારા ઉપર રાજી થાય એ જ શુભભાવના સાથે સૌ વાચકોને વડતાલધામથી લિખિતંગ સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

# પૂ. સ્વામીનો પરિચય

હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સં. ૨૦૪૩, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ; આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. આ સિવાય સ્વામીએ વચનામૃતના ૧૦૮ પાઠ પણ કર્યા છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને ''સત્સંગિજીવન સાગર મંથન'' નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિકા 'શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ' માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેઓ હાલમાં છેલ્લાં ૭ વર્ષથી વડતાલધામમાં રહીને દરરોજ સભામંડપમાં કથા-વાર્તા કરી રહ્યા છે, તેનું લાઈવ પ્રસારણ રોજ સવારે ૬-૧૫ થી ૭-૧૫ કલાક સુધી વડતાલધામ યુ ટ્યૂબ-ફેસબુક, કર્તવ્ય ટી.વી તેમજ લોકલ ટીવી દ્વારા થઈ રહ્યું છે. તેમણે બનાવેલ કીર્તનોનું 'પ્રગટના ગુણગાન' નામે પુસ્તક પણ પ્રકાશિત કરેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૨૯ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે.

## પૂ. સ્વામી દ્વારા લખાયેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | પ્રગટના ગુણગાન | ઈ.સ. ૧૯૯૪ |
| (૨) | જ્ઞાનસરિતા | ઈ.સ. ૧૯૯૫ |
| (૩) | સત્સંગિજીવન સાગરમંથન | ઈ.સ. ૧૯૯૭ |
| (૪) | મોહનજીને મળવાને | ઈ.સ. ૧૯૯૭ |

| | | |
|---|---|---|
| (૫) | જીવન-યાત્રા | ઈ.સ. ૨૦૦૪ |
| (૬) | માનવતાના દીવડા | ઈ.સ. ૨૦૦૪ |
| (૭) | વાણી વિવેક | ઈ.સ. ૨૦૦૪ |
| (૮) | જીવન એક સ્નેહ ઝરણું | ઈ.સ. ૨૦૦૪ |
| (૯) | અમાનવીય ક્રૂરતા | ઈ.સ. ૨૦૦૪ |
| (૧૦) | શીલવંતા સંતો સાંભળજો | ઈ.સ. ૨૦૦૯ |
| (૧૧) | કીધો યજ્ઞ ડભાણમાં | ઈ.સ. ૨૦૧૦ |
| (૧૨) | માંગરોળમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૧૧ |
| (૧૩) | આત્મબોધ | ઈ.સ. ૨૦૧૨ |
| (૧૪) | લોજધામની લીલા | ઈ.સ. ૨૦૧૩ |
| (૧૫) | કૃપા-મુક્તિ | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૬) | મુક્તિના ઉપાયો | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૭) | લીલા લોયાધામની | ઈ.સ. ૨૦૧૬ |
| (૧૮) | ધરગામનો મહિમા | ઈ.સ. ૨૦૧૯ |
| (૧૯) | આદર્શ જીવન પ્રસંગો | ઈ.સ. ૨૦૧૯ |
| (૨૦) | આપણું વડતાલધામ | ઈ.સ. ૨૦૧૯ |
| (૨૧) | ચાર સદ્.શ્રીનાં જીવન દર્શન | ઈ.સ. ૨૦૨૦ |
| (૨૨) | કાલવાણીમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૨૨ |
| (૨૩) | નિષ્કુળાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૨ |
| (૨૪) | અધ્યાત્મનાં પગથિયાં | ઈ.સ. ૨૦૨૩ |
| (૨૫) | મમતાની મૂર્તિ મા | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૬) | ગુણાતીતાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૭) | અક્ષરાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૮) | સચ્ચિદાનંદ સ્વામીનું જીવન | ઈ.સ. ૨૦૨૪ |
| (૨૯) | માતૃદેવો ભવ પિતૃદેવો ભવ | ઈ.સ. ૨૦૨૪ |

## ધ્યાન ચિંતામણિ

### પદ-૧

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ...૧
સમરું પ્રગટરૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ,
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ...૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ,
જેને શેષ સહસ્રમુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ...૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ,
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ...૪

### પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ...૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતિલા જોઉં ખાંતમાં રે લોલ.૨
વ્હાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ,
વ્હાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ.૩
વ્હાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.૪

## પદ-૩

વ્હાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ...૧
વ્હાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ...૨
વ્હાલા તારા દંત દાડમના બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ,
વ્હાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ...૩
વ્હાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારું પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ...૪

## પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ,
વ્હાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ...૧
વ્હાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ,
વ્હાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ...૨
વ્હાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ,
વ્હાલા તેતો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ...૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિકજન ઘેલડા રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ...૪

## પદ-૫

વ્હાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ,
કરના લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ...૧
વ્હાલા તારી આંગળીયોની રેખા, નખમણિ જોઈને રે લોલ,
વ્હાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ...૨
વ્હાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ,
વ્હાલા મારે હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ...૩
વ્હાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ...૪

## પદ-૬

વ્હાલા તારી મૂરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ,
વ્હાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ...૧
વ્હાલા મારે સુખ સંપત્ત તમે શ્યામ, મોહન મન ભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ...૨
વ્હાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ,
વ્હાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ...૩
આવો મારા રસિયા રાજીવનેણ, મરમ કરી બોલતા રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ...૪

## પદ-૭

વ્હાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોવું સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ...૧
વ્હાલા તારી નાભ્મી નૌત્તમ રુપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ...૨
વ્હાલા તારી જંઘા જુગલની શોભ્મા, મનમાં જોઈ રહું રે લોલ,
વ્હાલા નિત્ય નિરખું પીંડીને પાની, કોઈને નવ કહું રે લોલ...૩
વ્હાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ...૪

## પદ-૮

વ્હાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ,
વ્હાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ...૧
વ્હાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ,
વ્હાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ...૨
વ્હાલા તારા નખની અરુણતા જોઈ, શશિકળા ક્ષીણ છે રે લોલ,
વ્હાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ...૩
વ્હાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ,
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ...૪

**નોંધ :**

**નોંધ :**



મહાપ્રતાપી શ્રી રણછોડરાયજી, શ્રી લક્ષ્મીનારાયણ દેવ
વડતાલધામ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
આયોજીત

# 200

## શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ
संवत १८८१ से २०८१

# દ્વિશતાબ્દી મહોત્સવ

7 to 15 Nov. 2024

-: પ્રકાશક :-


વડતાલ ટેમ્પલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડ વતી,

**મુખ્ય કોઠારીશ્રી ડો.શાસ્ત્રી સંતવલ્લભદાસજી સ્વામી** (Ph.D., D.Lit.)

મુ.પો. વડતાલ. તા. નડિયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫(ગુજરાત)

Email : vadtaldhamvikas@gmail.com • Website : www.vadtalmandir.org